અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–** (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર– ૩૬૪૦૦૨ ફોન : **(૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: avgohil1@gmail.com
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાનાં ૬૮.**

You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website ‘swargarohan.org’

અનુક્રમણિકા

નાતાલ તથા નવા વર્ષની શુભેચ્છાઓ	તંત્રી	૩
શ્રી યોગેશ્વર વાણી	યોગેશ્વરજી	૪
પૂ. માના ૭૪ મા પ્રાગટ્યદિને	નારાયણ હ. જાની	૬
પૂ. માનો પ્રત્યુત્તર	મા સર્વેશ્વરી	૭
શ્રી યોગેશ્વર કથામૃત– દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ (૩૪)	મા સર્વેશ્વરી	૯
શ્રી ગંગાલહરી (૨)	પરમાર્થી	૧૪
ગૌતમી અને બુદ્ધ	યોગેશ્વરજી	૧૭
‘દીવાળી તો સ્વર્ગારોહણમાં જ’	તંત્રી	૨૦
Amazing Experiences	Hitesh Lad	૨૨
પૂ. માની પ્રસાદી	મા સર્વેશ્વરી	૨૬
Amazing Experiences	Bhakti Parmarthi	૨૭
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ મંત્રનો અર્થ	યોગેશ્વરજી	૩૧
યુવા શિબિરનો પ્રતિભાવ (૨)	અર્પિતા જોષી	૩૮
હું શું પામી?	ધારા	૪૧
યોગ સાધનાથી સમાધિ સુધી કેમ પહોંચાય?	ટી.વી. પટેલ	૪૫
બેલ	ડૉ. આઇ. કે. વીજળીવાળા	૪૮
આધ્યાત્મિક પ્રશ્નોત્તરી–ગુરુ વિષે	યોગેશ્વરજી	૫૩
આત્મોદ્ધારની આકાંક્ષા	વિનોબા	૫૭
શરણાનંદજી મહારાજના પ્રેરક જીવન પ્રસંગો	નલિન ઉપાધ્યાય	૬૧

નાતાલ તથા નવા વર્ષની શુભેચ્છાઓ

—તંત્રી

અધ્યાત્મનો ડીસે.૧૬નો અંક તમારા હાથમાં આવશે, તે પછી તુરત જ નાતાલના શુભ તહેવારોનો પ્રારંભ થશે. પશ્ચિમની દુનિયામાં—અને ખાસ કરીને ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ માટે તે મોટો ધાર્મિક પર્વ સમાન મનાય છે, બંગાળમાં જેમ નવરાત્રિનો ઉત્સવ બંગાળીઓ મા જગદંબાની મૂર્તિના પૂજન અર્ચન જેવું નહિ, પણ ચર્ચમાં તે દિવસો દરમ્યાન (તા.૨૫ થી ૩૧ સુધી) ઈસુ ખ્રિસ્ત તેમજ ઈસાઇ સંતો અંગેના પ્રવચનો થાય છે ને તેમનો મહિમા ગવાય છે. આ દિવસો દરમ્યાન અમેરિકા—કેનેડા—ઈંગ્લેન્ડ વગેરે દેશોમાં વેકેશનનો માહોલ બની રહે છે. જેને ત્યાં વસતી બધી જ પ્રજા ખૂબ આનંદ ને ઉમંગથી ઉજવે છે.

એથી ત્યાં વસતા બધા જ ભાઇબેનોને અમે નાતાલની શુભેચ્છાઓ પાઠવીએ છીએ અને પ્રભુ ક્રાઈસ્ટને પ્રાર્થના કરીએ છીએ કે ૧, જાન્યુ. ૨૦૧૭ થી પ્રારંભ થતા નવા વર્ષમાં ત્યાં તેમજ દુનિયામાં સર્વ સ્થળે—શાંતિ, સુખ અને આનંદનો માહોલ બની રહે. તેમજ માનવોની ભૌતિક ઉન્નતિ સાથે આધ્યાત્મિક અભિમુખતા વધે તેવી કૃપા કરજો.

—તંત્રી તથા સમગ્ર અધ્યાત્મ પરિવાર

શ્રી યોગેશ્વર વાણી

—યોગેશ્વરજી

નિર્વિચાર સમાધિ પ્રકૃતિની સીમાની અંદર રહીને કરવામાં આવતી હોય તો પણ નકામી નથી. એની અગત્ય પણ ઓછી નથી આંકવાની. શાંતિની અનુભૂતિ કરાવનારી સમાધિની એ અવસ્થાનો અનુભવ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ જીવનમાં ફેરફાર થતો જાય છે ને મનના સ્વરૂપમાં પણ સુધાર થાય છે. આગળ પર કહી બતાવેલી સબીજ સમાધિ બધી રીતે લાભકારક જ થઈ પડે છે. ધીરે ધીરે મન નિર્મળ બનતું જાય છે, રાગ ને દ્વેષ પણ મંદ પડે છે અથવા મટે છે, પ્રકૃતિના રહસ્યનું બરાબર જ્ઞાન થઈ જવાથી પ્રકૃતિ પરથી મન ઉપરામ બનતું જાય છે તથા આંતરિક પ્રસન્નતા કે સુખનો અનુભવ થાય છે. ગીતા કહે છે કે જેના રાગદ્વેષ દૂર થઈ ગયા હોય ને પોતાની ઈન્દ્રિયોને જેણે વશ કરી હોય તે યોગી ઈન્દ્રિયોને જરૂરી વિષયોમાં લગાડે તો પણ, પ્રસન્નતાની પ્રાપ્તિ કરી શકે છે. એવી આત્મિક પ્રસન્નતાના પ્રભાવથી બધી જાતના દુઃખ દર્દ દૂર થાય છે.

જુઓ ગીતાના બીજા અધ્યાયના એ શ્લોક :—

“રાગદ્વેષ વિયુક્તૈસ્તુ વિષયાનિદ્રિયૈશ્ચરન.
આત્મવશ્યૈર્વિધ્ધેયાત્મા પ્રસાદમધિગચ્છતિ,
પ્રસાદે સર્વદુઃખાનાં હાનિરસ્યોપજાયતે,
પ્રસન્ન—ચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે.”

એને પ્રસાદ કહો, પ્રસન્નતા કહો કે આત્માનો આનંદ કહો. બધું સરખું જ છે. ચિંતા ને શોકમાં ડૂબેલા સાધકે સાધનાની

મદદથી એ રીતે અંતરના અનેરા આનંદને મેળવવાની મહાયાત્રા કરી લીધી. કેટલા બધા આનંદની વાત છે! કહેનાર અને સાંભળનારને પણ આટલો બધો આનંદ થાય છે તો મેળવનારને અથવા અનુભવનારને કેટલો બધો થતો હશે તેની કલ્પના કરી લેજો. એ આનંદ, પ્રસન્નતા અથવા શાંતિના ભંડારને હાથ કરવાની ઈચ્છા છે? કોને તેવી ઈચ્છા નહીં હોય ને નથી? પરંતુ બધાનો પુરુષાર્થ સમજ વિનાના ને જુદી જુદી દિશામાં થયા કરે છે. પરિણામે સમય તથા શક્તિ વેડફાઈ જાય છે ને કાંઈ જ કામનું હાથ નથી લાગતું. એટલે જ શાંતિ, સમૃદ્ધિ ને આનંદની ઈચ્છાવાળા માનવોને આપણે કહીએ છીએ કે આવો ને જીવનને ઉજ્જવળ કરવાની કે પલટાવવાની સાધનાના મંગલ મંદિરમાં પ્રવેશ કરો. અંતરના દેવ ને દેવોનાયે દેવની આરાધના ને પૂજા કરો. જીવનને સુખ–શાંતિ ને આનંદમય તથા પ્રભુમય બનાવવાનો એ સિવાય બીજો કોઈ રસ્તો નથી.

જેના હૃદયમાં ભોગ–સુખોની લાલચ અને કામ–ક્રોધાદિ વિકારો મોજુદ છે, તે પ્રેમની પ્રાપ્તિ તો શું, પ્રેમની ચર્ચા કરવા તથા સાંભળવાનો પણ અધિકારી નથી. વાસ્તવમાં તો જેનાં હૃદયમાં મમતા, આસક્તિ, કામના અને સ્વાર્થની ગંધ પણ ન હોય, એ જ પ્રેમી થઈ શકે છે.

–સ્વામી શરણાનંદજી

પૂ.માના ૭૪ મા પ્રાગટ્યદિને

–નારાયણ હ. જાની

પૂ.મા સર્વેશ્વરીનો પ્રાગટ્યદિન તા ૧૩, નવેમ્બરના રોજ છે. તેના ઉપલક્ષ્યમાં અધ્યાત્મના સર્વે સંપાદકો, વાંચકો તેમજ પૂ.શ્રી અને તેઓના બહોળા સાધક અનુયાયી ભાઈબહેનોના સમુદાય તરફથી પૂ.માને હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

અમે સહુ જાણીએ છીએ કે પ.પૂ.શ્રી યોગેશ્વરજીની ભૌતિક વિદાય પછી તેઓના ચાહક અને પ્રશંસક વર્ગને એકસૂત્રે બાંધી તેમને આધ્યાત્મિક દોરવણી પૂરી પાડવાનું જે કામ આપે કર્યું છે તે બદલ અમે સહુ આપના ખૂબ ઋણી છીએ.

હે મા! અમે આપને યથાર્થ રીતે ન સમજી શકતા હોઈએ, તો આપ અમને ક્ષમા કરજો; કારણ કે અમારી પાસે અમારા પૂ.ગુરુદેવ શ્રી યોગેશ્વરજી જેવી આર્ષ કે દિવ્યદૃષ્ટિ નથી. છતાં અમારા ગુરુદેવે આપનો જે પરિચય અમને કરાવ્યો છે તેને અમે આજે આપના જીવન ને તપ દ્વારા સત્ય થતો નિહાળી રહ્યા છીએ. એથી લાગે છે કે આપ પ્રભુની દિવ્ય તપોમય શક્તિનું પૃથ્વી પરનું સાકાર અવતરણ છો. તે સિવાય મનુષ્ય દેહધારી માટે આવું ઉગ્ર, દીર્ઘકાળથી ચાલતું ને કષ્ટપ્રદ લાગતું તપ સંભવિત નથી. એથી મનુષ્યભાવે હે મા! એટલું ઈચ્છીએ કે આપનું સાધનાત્મક લક્ષ્ય સવેળા પરિપૂર્ણ થાઓ ને આપના દ્વારા પ્રભુ અનેકોને જીવનશુદ્ધિ અને પ્રભુ પરાયણતાના પાઠો વ્યાપક પ્રમાણમાં ભણાવો. એ સુઅવસર આગામી વર્ષમાં જ આપને પ્રાપ્ત થાઓ એ જ મંગલકામના.

પૂ.માનો પ્રત્યુત્તર

—મા સર્વેશ્વરી

પરમ વંદનીય પૂ.માને તેઓના ૭૪મા જન્મ દિન નિમિત્તે અમારો જે શુભ સંદેશો મોકલાયેલો તેના પ્રત્યુત્તરરૂપે પૂ.માએ જે આશીર્વાદ સહ સંદેશો પાઠવ્યો છે. તે નીચે મુજબ છે :—

તા.૧૧—૧૧—૨૦૧૬

પરમ સખાનો પુણ્યપ્રદાયક પરિવાર,

જન્મદિને આશીષ આપવાની તો ક્યાં હજી પાત્રતા જ આવી છે?

આજે તો આ શરીરનો જન્મદિન. માતાપિતા દ્વારા પ્રસાદીમાં પરમસખાને ધર્યું, ઉગતી યુવાનીમાં પરમસખાએ કૃપા કરી એમને આંગણે તેડ્યું, એને સજાવ્યું ને હરિમાર્ગે ચઢાવ્યું, દોડાવ્યું, ધારેલું બધું જ કરાવ્યું ને હજી પણ કરાવી રહ્યા છે.

૭૩ પૂરા થશે, ૭૪નો પ્રારંભ છે. આપણે સહુ સાથે મળીને પરમસખાના દ્વારે હાથ જોડી પ્રાર્થના કરીએ કે અમારું જીવન સેવા ને સત્કર્મ—સત્સંગ ને સ્મરણમાં વધુ ને વધુ પવિત્ર બને. આપનાં પ્રિય બાળકોમાં અમારું પણ સ્થાન ગણી શકાય એવા સર્વ દિશાથી પાત્ર બનાવો.

। ૐ ।

(રાગ : જયદેવી)

નમતા નમતા ગમતા રહીએ,
વેરઝેરને બાળતા રહીએ,

સદ્‌ગુરુ આંગણે રમતા રહીએ
જીવન ઔષધ પીતા રહીએ,
જન્મ મરણને ટાળતા રહીએ
પરમ સુખને પામતા રહીએ.
સખા સ્વરૂપે ભજતા રહીએ
સર્વેશ્વરી કહે જાગતા રહીએ.

જેનાં પર ભગવાનની કૃપા થાય છે, તેને દુનિયાથી એવી થપાટ મળે છે કે પછી તે તેની સામે મોઢું નથી કરતો.

કોઈને કોઈ પૂછે કે તમે લોહીમાં, હાડકામાં, માંસમાં, મજ્જામાં, મૂત્રમાં રહેવા માગો છો? તો બધા જ વિચારશીલ એમ જ કહેશે કે નથી રહેવા માગતા. કારણ કે મલિનતા કોઈને પ્રિય નથી. હવે આપણે સ્વયં વિચારીએ કે દેહમાં મલિનતા સિવાય શું છે, તો માનવું પડશે કે કાંઈ નથી.

—સ્વામી શરણાનંદજી

સંદીપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૩૯ ડીસેમ્બર—૨૦૧૬ અંક ૩

શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ (૩૪)

તા. ૨૦/૧૨/૮૨, સોમવાર, માગસર સુદ પાંચમ ૨૦૩૯, પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર.

એક માસ ઉપરના દિવસો ચાલે છે. અહીં આવ્યાને તેત્રીસ દિવસ થઇ ગયા. એક જ ઉતારો. શહેરની મધ્યમાં. પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ એટલે સૂરત, અમદાવાદની નાનકડી કોઇ શેરી નહીં. ત્રણ ગાડી જાય ને ત્રણ ગાડી આવી શકે એટલો પહોળો તો એનો માર્ગ છે. સામસામી મોટી મોટી દુકાનો—સાડીની, વાસણની, મિઠાઈની. મકાનો પણ બે માળ, ત્રણ માળ—અરે, નવ ને તેર માળનાં આ સ્ટ્રીટ પર છે.

સ્ટ્રીટનાં એ મકાનો ઉપર પાંચ વાગ્યે તો એકદમ પ્રકાશ પથરાઇ જાય છે. સાત વાગ્યે તો તડકો પણ શરુ થઇ જાય છે.

આજે પણ પૂ.શ્રીનો નિયમિત ક્રમ રહ્યો. ભોજન બાદ ત્રણ

મુલાકાતીઓ આવે છે. અંગ્રેજી પ્રવચન સાંભળીને તેમને થયું કે ‘અમે જે મંત્રજપ કરીએ છીએ તે શ્રી યોગેશ્વરજીના શ્રીમુખે જ લઇએ.’ એક નાનો સાત—આઠ વર્ષનો બાળક પણ છે. પૂ.શ્રી ત્રણેને મંત્ર આપે છે. પાંચ—પાંચ વાર પૂ.શ્રી મંત્ર બોલાવે છે. મંત્રદીક્ષાની રીત સરળ ને સાદી છે. હવન—યજ્ઞ કે ગુરુદક્ષિણા પણ એમાં નથી હોતાં. સામાન્ય ગુરુઓ કરતાં પૂ.શ્રીની મંત્ર આપવાની પદ્ધતિ જુદી જ છે.

શ્રી. રતિભાઇ પણ આવે છે. તેઓ પૂ.શ્રીને દરરોજ દૂર સુધી ફરવા લઇ જવા ઇચ્છે છે. આજે સાંજે પ્રવચન માટે ફિનીક્ષ, ૧૬ કિલોમીટર દૂર જવાનું જ છે, એટલે પૂ.શ્રી ના પાડે છે.

શ્રી રતિભાઇ વાતચીત કરતાં કહે છે : મહાત્માજી! ગઇ કાલે તમારું પ્રવચન સાંભળ્યા પછી મને આખી રાત રોમાંચનો અનુભવ થયો. ખરેખર તમે મહાન પુરુષ છો, હું મારી વાતને શી રીતે કહું તે મને સમજાતું નથી.

પૂ.શ્રી મૌન જ રહે છે. પછી, હનુમાનજીની વાત નીકળે છે. પૂ.શ્રીની પોતાની રચેલી હનુમાનજીની સ્તુતિ તેઓને રસ હોવાથી ગાઇ બતાવે છે. વળી, પૂ.શ્રીની રામાયણના સુંદરકાંડની ગુજરાતી કવિતાની પ્રત જોઇને કહ્યું : હું આની ફોટો—કોપી કરી લઇશ પાઠ કરવા માટે. પૂ.શ્રીએ કહ્યું : તમને અમે આ જ પ્રત આપીને જઇશું.

એ સ્તુતિ ક્યારે લખી તેની પણ પૂ.શ્રીએ વાત કરી.

શ્રી રતિભાઇ મારી પાસે થોડી સ્તુતિ, શ્લોક, શારદામાની સ્તુતિ વગેરે ગવડાવવા માગે છે. તેથી આજે ટેઇપ પણ લાવ્યા

છે.

સાંજે ફિનીક્ષ જવા માટે સાડા છ વાગ્યે નીચે ઊતરીને શ્રી રતિભાઈની જ ગાડીમાં બેસીએ છીએ. સ્થળ હતું ફિનીક્ષ સિવિક્સ સેન્ટર. ત્યાં દર સોમવારે નાનાં બાળકો, યુવાનો સત્સંગ માટે ભેગાં થાય છે. સ્વામી શ્રી નિશ્ચલાનંદે આ પ્રવૃત્તિ શરુ કરેલી.

મંચ ઉપર બે બેઠકો છે. મધ્યમાં શ્રી રામકૃષ્ણદેવની સફેદ વસ્ત્રવાળી બેઠેલી કાષ્ઠની પ્રતિછબી છે. તેની પાસે દીવો, ફૂલ ને પ્રસાદ દેખાય છે.

મંચ ઉપર જઈને પ્રતિછબીને પ્રણામ કરીને અમે અમારા સ્થાન ઉપર બેઠાં. કાર્યક્રમ શરુ થયો. એક મહિલાએ પૂ.શ્રીની અને મારી આરતી ઉતારી. પછી શ્રી રામકૃષ્ણદેવની આરતી ઉતારી.

આરતીના શબ્દો તુલસીદાસની સ્તુતિના હતા—

જય જય સુરનાયક જનસુખદાયક
પ્રણતપાલ ભગવંતા;
ગોદ્વિજહિતકારી જય અસુરારિ
સિંધુસુતા પ્રિય કંતા;
પાલન સુરધરણી અદ્‌ભુત કરણી
મર્મ ન જાને કોઈ;
જો સહજ કૃપાલા દીનદયાલા
કરહુ અનુગ્રહ સોઈ.

આરતી બાદ 'ૐ નમો ભગવતે રામકૃષ્ણાય' તથા 'શ્રી રામ

જય રામ'ની ધૂનો ગવાઈ. પછી પુષ્પહારથી અમારું સ્વાગત કર્યું. આરતી બાદ અને સ્વાગત બાદ તેમણે ઘૂંટણીએ પડીને ખૂબ ભાવથી નમસ્કાર કર્યા. ત્યારબાદ પૂ.શ્રીનો પરિચય આપીને તેમને પ્રવચન આપવાની વિનતિ કરી.

પૂ.શ્રીએ મંચ ઉપર શ્રી રામકૃષ્ણદેવની પ્રતિછબી જોઈને આજના પ્રવચનનો વિષય 'શ્રી રામકૃષ્ણદેવનું જીવન' જ રાખ્યો.

પ્રવચન અંગ્રેજીમાં હતું. શ્રોતાઓમાં નાનો વિદ્યાર્થીવર્ગ પણ હતો, છતાં તે સમૂહ ખૂબ શાંતિ ને શિસ્તથી બેઠો હતો.

પ્રવચન બાદ આભારદર્શન થયું. પૂ.શ્રી ફરીથી અહીં આવે ને પ્રવચન આપે એવી માગણી પણ સંચાલકે કરી.

ફરીથી ધૂન શરુ થઈ. સૌ સમૂહમાં પ્રણામ કરી ઊભા થયા. મહામૃત્યુંજય મંત્ર ત્રણ વાર સમૂહમાં બોલીને શાંતિપાઠ કર્યો. ફરીથી પૂ.શ્રીની અને શ્રી રામકૃષ્ણદેવની અલગ અલગ આરતીઓ તુલસીદાસની સ્તુતિ સાથે કરી.

મંચ ઉપરથી નીચે ઊતરતાં જ નાના મોટા બધા જ શ્રોતાઓએ શિસ્તબદ્ધ રીતે સાષ્ટાંગ પ્રણામ કર્યા.

બહાર પ્રસાદ ને આરતી લઈને બહેનો ઊભી હતી.

અમે વિદાય થયાં.

અહીં ફિનીક્ષમાં દક્ષિણ આફ્રિકાની સરકારે હિન્દી ભાઈઓ માટે સોસાયટીઓ ઊભી કરી છે. શેરડીનાં ખેતરોમાં ૨૫ થી ૩૦ હજાર મકાનો સરકારે તૈયાર કર્યાં છે—નળ, લાઈટ, રસ્તા, સ્કૂલ ને હૉલની સગવડ સાથે. તેમાં વીસ વરસ સુધી ભાડાના રૂપમાં લોન ભરીને રહો તો વીસ વરસે તે ઘરના માલિક બની

શકાય એવી સગવડ છે.

આફ્રિકનોને પણ એવી રીતે અલગ વિસ્તારોમાં વસાવ્યા છે. પણ તેમને નવ્વાણું વરસ સુધી લોન ભરવાનો નિયમ લાગુ પડે છે. ઘણી ઘણી બાબતોમાં તેમને અન્યાય થઈ રહ્યો છે.

પૂ.શ્રીએ શ્રી રતિભાઈ ફૂલ લાવ્યા ત્યારે કહ્યું : સવારે ફૂલ ભૂલી ગયા તો શો વાંધો છે? આપણે જાતે જ ફૂલ જેવા બની જવાનું. સુગંધ આપતાં શીખી જવાનું. પછી આવાં ફૂલ હોય તોપણ શું ને ના હોય તોપણ શું?

આજે 'અધ્યાત્મ'ના પાંચ અંકો મળ્યા. તે પૈકી એક અંક પૂ.શ્રીએ જોયો.

ઉતારા ઉપર આવતાં સાડા દશ વાગી ગયા.

દૂધ પીને આરામ કર્યો.

(ક્રમશઃ)

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

ગંગાલહરી(૨)

—પરમાર્થી

૧૩

નિંદે સદા પાગલ પાપકર્મો,
જેથી રહે દૂર વળી પતિતો!
દુષ્ટો ય જેનું નહીં નામ લેતા,
સંતાડતા મ્હોં ડરપોક લોકો!
પરંતુ માતે હરતી તું પાપો,
વિના વિલંબે શમતા વિલાપો!

૧૪

ઉધ્ધારવા જીવ અનેક સ્વર્ગથી
કૂદી પડ્યા ભૂતલપે તમે મા!
ત્યારે ન વાગે ત્યમ ઝીલી લીધાં
સ્વયં પ્રભુએ શિરની જટામાં!
સ્વર્ગીય છોડી સુખ મેલધોવાં
આવ્યાં દુઃખીનાં નિત આંસુ લ્હોવા!

૧૫

ગ્રહોથકી પીડિત ભૂતપ્રેતથી
તિરસ્કૃતો દેવજનોથી છેક;
અપંગ, બ્હેરા, મૂક જીવકેરા
છો મા તમે તારણહાર એક!

સૌ રોગનું ઔષધ એકમાત્ર તું,
નિરાશ્રિતોનો નિત આસરો તું!

૧૬

સ્વભાવથી સ્વચ્છ અવર્ણનીય
તારો જનેતા મહિમા અપાર!
સ્વર્ગે યશોગાન સદૈવ ગાતા
કુમાર સૌ સગરના હજાર!
તારી કૃપાથી તન સંપદાયે
સંપન્ન સર્વે સુખી સર્વદાયે!

૧૭

સંતપ્ત જેનું મન પાપકર્મથી
તે શોધી લે તીર્થતણો સહારો!
પ્રાયશ્ચિતોથી દૂર કિન્તુ ભાગે
ના હોય તેને કદિ ક્યાંય આરો!
પામે સમુધ્ધાર સદૈવ સુખે
તેવા જનો મા મૃદુતારી કૂખે!

૧૮

ધર્મોતણું પાવનધામ તારું
શ્રી અંગ આનંદમયી મહાન!
ત્રિલોકનું છે શુચિ દિવ્ય વસ્ત્ર,
પવિત્ર તીર્થો મહીં તું પ્રધાન!
સંદેહ સર્વે મટતા વિકારો,
સંતાપ માડી અમ સૌ નિવારો!

૧૯

હું ભ્રાન્ત માડી મદિરામદે હતો
તેથી વિયોગે તવ દુ:ખ મેં સહ્યાં!
ઘણું કરી ગૈ જડબુદ્ધિ મારી
મને સ્વયંને નુકશાન મિથ્યા!
વિજ્ઞપ્તિ મારી અવ ના થજો કદી
વિયોગ થોડી ક્ષણનો ય માડી!

૨૦

વાયુ ઝપાટે ઉઠતા તરંગે
પરાગ પદ્મેથી ઝરતો રહ્યો મા!
દેવાંગનાના સ્તનમંડલેથી
ધોવાઈ વા કેસરચંદને મા!
વેગે વહે કેસરિયાવીચિઓ
તોડો અમારી ભવશૃંખલાઓ!

૨૧

પ્રાગટ્ય તારું પ્રભુના નખેથી
ને વાસ છે કામકાજથી જટામાં!
ઉધ્ધારવા સંતત દીનહીનને
છે ટેવ તારી ગમતી ત્રિલોકમાં!
ઉત્કર્ષ ઈચ્છે સહુનો સદાજે
તેને દીધું સ્થાન ઉંચું સમાજે!

(ક્રમશઃ)

ગૌતમી અને બુદ્ધ

–શ્રી યોગેશ્વરજી

કપિલવસ્તુનો રાજમહેલ છોડ્યા પછી વનમાં લાગલગાટ સાડા છ વરસ તપ કરી સિદ્ધાર્થે શાંતિ મેળવી. સિદ્ધાર્થમાંથી બુદ્ધ બન્યા પછી એમણે લોકોને જ્ઞાન અને શાંતિ આપવાનું કામ શરુ કર્યું એ એમનું પ્રખ્યાત ધર્મચક્રપ્રવર્તન.

એ દરમિયાન એ જુદી જુદી કોટિના અનેક લોકોના સંસર્ગમાં આવ્યા. રાજા ને રંક, અમીર ને ગરીબ, શિક્ષિત તથા અભણ બધી શ્રેણીના લોકો એમની પાસે, પોતાના દુઃખ–દર્દ દૂર કરવા ને શાંતિ મેળવવા આવવા માંડ્યા. એમાં સ્ત્રીઓ પણ હતી.

કિસા ગૌતમી એમાંની એક હતી.

ભગવાન બુદ્ધની ખ્યાતિ સાંભળી એ એમની પાસે આવી બોલી 'પ્રભુ! હું બહુ દુઃખી છું. મારો એકનો એક યુવાન દીકરો મરણ પામ્યો છે. તમે સમર્થ છો, દયાળુ છો, પરોપકારી છો. લોકોના હિત માટે જ તમારું જીવન તથા પ્રવૃત્તિ છે. તો કૃપા કરી મારા પુત્રને જીવતો કરી મારું દુઃખ દૂર કરી મને શાંતિ આપો. હું તમારી ઋણી રહીશ.'

બુદ્ધે કહ્યું : 'તારી વાત ખરેખર કરુણાજનક છે. છતાં તું એક કામ કર. ગામમાં જઈને એક મૂઠી રાઈના દાણા લઈ આવ. પરંતુ એ દાણા એવે ઠેકાણેથી લાવજે, જેમાં આજ સુધી કોઈનું મરણ થયું ન હોય.'

કિસા ગૌતમીને શાંતિ વળી અને આનંદ થયો.

ગામમાં જઈ ઘેરઘેર ફરી, રાઈના દાણા લઈ આવીને પોતાના પુત્રને સજીવન કરાવવાની એને આશા થઈ. એક ઘેર જઈ એણે પુછ્યું : 'બેન, તમારે ત્યાં રાઈના દાણા છે?'

'છે.' બેને જવાબ આપ્યો.

'એક મુઠ્ઠીભર આપશો? મારે વધારે નથી જોઈતી. મુઠીભર જ જોઈએ છે. ભગવાન બુદ્ધની પાસે લઈ જવાના છે.

'મુઠીભર શા માટે? જેટલા જોઈએ એટલા લોને.' બેન દાણા લઈને બહાર આવી.

ગૌતમીએ દાણા લીધા અને હરખથી ચાલવા માંડ્યું. હવે એનો પુત્ર જરુર જીવતો થશે, એવી શ્રદ્ધા એના દિલમાં જાગી ઉઠી.

પણ ત્યાં તો તેને કાંઈક યાદ આવતાં એ તરત પાછી આવીને બોલી : 'બેન! એક વાત તો પૂછવાની રહી જ ગઈ. દાણા તો તમે આપ્યા, પણ તમારા ઘરમાં કોઈનું મરણ તો નથી થયું ને?'

'મરણ? મરણ તો આટલા બધા વખતમાં કોઈનું થયા વિના રહ્યું હશે? હજુ ગયે વરસે જ મારી મોટી છોકરી મરણ પામી છે.'

'તો પછી મારે તમારા દાણા નહીં ચાલે.' ગૌતમીએ કહ્યું : 'બુદ્ધ ભગવાને દાણા તે ઘેરથી જ લાવવાના કહ્યા છે કે જેમાં કોઈનું મરણ ન થયું હોય. આજે કે કાલે, તાજેતરમાં કે થોડા વખત પહેલાં દરેક ઘરમાં કોઈને કોઈનું મરણ થયું જ હતું. આખા ગામમાં ફરી વળ્યા છતાં, મરણ વિનાનું કોઈ ઘર એને ન

મળ્યું ત્યારે એ નિરાશ થઇ ભગવાન બુદ્ધ પાસે આવી એ બોલી 'ભગવાન!' આખા ગામમાં ફરી વળી, પણ મરણ વિનાનું કોઇ ઘર જ નથી દેખાતું.'

બુદ્ધે કહ્યું : 'બેન, મેં તને એટલા માટે જ મોકલી હતી. સંસારનો પ્રત્યક્ષ અનુભવ કરાવી તને ખાતરી કરાવવા કે દુનિયામાં જે જન્મે છે તે મરે છે, એ જ ક્રમ છે. એ ક્રમ બધે ચાલી રહ્યો છે, કોઇ અમર નથી. શરીરનો ત્યાગ કરી એક દિવસ સૌએ વિદાય થવાનું છે. તારો પુત્ર પણ એ જ રીતે વિદાય થયો છે. માટે તું એનો શોક કરવાનું છોડી દે. ધાર કે કોઇક ઉપાયથી એને જીવતો કરી દેવામાં આવે તો પણ, એક દિવસ તો એનું મરણ થવાનું; કારણ મરવું એ સંસારનો એક સ્વાભાવિક ક્રમ છે, માટે વધારે સારું તો એ છે કે મૃત્યુના શોકનો ત્યાગ કરીને તું સંસારની અસારતાને સમજી લે, એટલે મિથ્યા શોક દૂર થશે, અને તને શાંતિ વળશે. બીજો કોઇ જ માર્ગ નથી.'

ભગવાન બુદ્ધની વાણી સાંભળીને ગૌતમીનું દુઃખ દૂર થયું. એના અંતરમાં જ્ઞાનનો દીપક પ્રજ્વળી ઊઠ્યો. એ શાંત ચિત્તે ઘેર પાછી વળી.

આજે પણ એ વાણીમાં અનેકના મિથ્યા મોહને, શોકને દૂર કરવાની શક્તિ છે. બુદ્ધ અને ગૌતમીને થયે તો વરસો થયાં, પરંતુ એમની આ વાણી હજારો જીવોના જીવનમાં પ્રેરણા ને પ્રકાશ પાથરતી, અમર બનીને ઊભી રહી છે. માનવજાતિનો અમર વારસો છે.

'દીવાળી તો સ્વર્ગારોહણમાં જ'

–તંત્રી

ઘણાં વર્ષોથી પૂ.મા સર્વેશ્વરી દીવાળીના તહેવારોમાં મોટેભાગે અંબાજીના સ્વર્ગારોહણમાં બીરાજતાં હોય છે. જો કે કેટલાક સાધક ભાઇબેનો પૂ.મા હોય કે ના હોય, પણ આ તહેવારોમાં અંબાજી આવે જ. ખાસ કરી બાળકોને વેકેશન હોય ને સ્વર્ગારોહણમાં મુક્ત મને સમોવડીયાં બાળકો સાથે રમવાનું મળે, જેનો એમને મન ખૂબ આનંદ.

આ વર્ષે પૂ.મા દીવાળીના તહેવારોમાં વિદેશથી પધાર્યાં ના હોવા છતાં બસો જેટલા સાધક ભાઇબેનોએ સ્વર્ગારોહણમાં આ મંગલ પર્વની સાત્ત્વિક મઝા માણી. બાળકો પરસ્પર વાત કરતાં કહેતાં કે દીવાળી તો સ્વર્ગારોહણમાં જ ઉજવવાની મઝા આવે.

સ્વર્ગારોહણ એટલે સંસારની પળોજણમાંથી છૂટવાનું ને આધ્યાત્મિક વાતાવરણમાં પ્રવેશવાનું મંગલ સ્થળ.

નિયમ પ્રમાણે અહીં ૬.૩૦ થી ૭ ની ધ્યાનની બેઠક, બાવનીઓના ગાન સાથેની પ્રભાતફેરી, પ્રણામ અને સ્તુતિગાન.

પૂ.શ્રીની સંક્ષિપ્ત આત્મકથા 'અધ્યાત્મ'નો અનસ્તસૂર્ય–યોગેશ્વરજીનું–વિવિધ બેઠકોમાં વાંચકો દ્વારા થતું વાંચન પારાયણ મુખ્ય હતાં. સંધ્યાકાળે દીપકો સાથેની આરતી પછી બહેનોના રાસ ગરબા થતા. ત્યારે યુવાન દીકરીઓનું યૌવન હીલોળે ચઢેલું જણાતું.

નવા વર્ષે પૂ.માની દિનચર્યાનું ડી.વી.ડી. દર્શન–પૂ.માની

પ્રત્યક્ષ ઉપસ્થિતિનું અનુભવ કરાવતું. નવા વર્ષે પ્રસાદ સાથે પૂ.મા તરફથી રૂા. ૨૦ની લક્ષ્મીનો પ્રસાદ સૌ સાધકોને નમતાં શ્રી નારાયણ ભાઇ જાનીના હસ્તે પ્રાપ્ત થયો. તેઓએ સહુ ઉપસ્થિત સાધકોને સદ્‌ભાગી ગણાવી, તેઓને પૂ.ગુરુદેવ અને પૂ.માના પ્રાપ્ત સાન્નિધ્યનો લાભ લઇ, જીવન મુક્તિ પ્રત્યે સજાગ થવા અનુરોધ કર્યો. નવા વર્ષે સૌ સાધકોએ ફલાહાર કરી પ્રદિક્ષણા ને મૌન ધારણ કરી, પોતાના નિયમોનું પાલન કર્યું.

કારતક સુદ–૨ પૂ.માતાજી જ્યોર્તિમયીનો જન્મદિન હોવાથી સર્વમંગલ ટ્રસ્ટ તરફથી ૧૦૦ જેટલી આદિવાસી ગરીબ બેનોને સાડી ઉપરાંત જીવન ઉપયોગી અનાજ, તેલ, ચોખા, ગોળ, દૈનિક જીવનમાં ઉપયોગી થાય એવી હાથ બેટરી પણ આપવામાં આવી.

આખા સ્વર્ગારોહણને રંગોળી અને લાઇટો ને દીવાઓથી સજાવી સાચે જ આ પ્રકાશના પર્વને સાર્થક કરતું અને આધ્યાત્મિક અજવાળાં પાથરતું સ્થળ બનાવ્યું. ત્રણ દિવસના આ પર્વને સાધકોએ ખૂબ સરસ રીતે માણી વિદાય લીધી.

ઘણું ભણવાથી ને ઘણું વાંચવાથી શું છે? એ તો એક ધંધો છે. વારંવાર વાંચવાથી શાસ્ત્રો મુખે થઇ જાય, પણ તે પ્રમાણે આચરવું અતિ કઠિન છે; અને જેટલું આચરણ થાય તેટલો જ લાભ છે. બાકી મિથ્યા પ્રયત્ન છે. સાધારણ બુદ્ધિનો પુરુષ તો બહુ વાંચવાથી ઊલટો ભ્રમમાં પડી જાય છે, માટે તેણે તો પોતાનો જે ઉદ્દેશ હોય તે પાર પાડવામાં સહાયક હોય તેવાં જ પુસ્તકો વાંચવા.

–મહારાજશ્રી નથુરામશર્માજી

AMAZING EXPERIENCES

–Hitesh Lad

Jai Krupalu Maa.

I bow down to Pujya Shri Yogeshwar Bhagwan. I bow down to you Maa Sarveshwari, Divine Mother of the Universe. I bow down to Shri Sai Baba.

Staying at the feet of Maa in Van Vishram Colorado for these past 2 weeks has been an incredible experience. Pujya Maa's grace is boundless. Only those that are to be in the presence of Maa can fully understand that joy.

In this day and age of Kali Yuga, it is rare to find a genuine Guru. Genuine Gurus have supernatural powers. They do not demonstrate them in public. But if you watch and observe them closely, they leave clues behind which demonstrate their Omni–present, Omni–potent and Omniscient nature!

During this Van Vishram, I witnessed **9 amazing experiences of Maa's Divine Krupa.** Hey Maa, how great is your divine grace! How great is your love for your devotee's spiritual well–being! I humbly bow down to you

and seek refuge in you!

1st Amazing Experience : Encounter David, the Christian Pastor

Sunday May 22, 2016. On this day, we went for a walk with Maa to the Lake. Towards the lake, there was a lookout point which Maa really enjoyed. She immediately sat on a rock and we all sat on the ground and did satsang. There we had a chance encounter with a Christian Pastor who saw Maa walking. He had a very strong desire to see her. Maa did meet with David and also asked him to speak to us. It was a very good satsang and Maa blessed David. He was very pleased to meet Maa. After reflecting on the incident, I realized that we did not meet David by chance or co–incidence! The odds that we bumped into David were too good to be true! How?

Firstly, before the walk, we were back at the cottage having satsang with Maa. Maa curiously looked out the window and asked who wanted to go for a walk. All said yes, but a few devotees mentioned it was too cold and windy. Maa asked again, and everyone said yes. Why did Maa all of a sudden have a desire for a walk? When we got ready, we assumed Maa was going to go for a walk on the street. That is what she does every day. When Maa

came out, we found out that Maa wanted to go to a lake. Why did she all of a sudden annouce that we would be going to the lake today?

Then when we arrived at the lake, there were 2 different paths, one was a bike trail with a scenic view and the other was a walking trail down towards the lake. Maa thought for a second and then decided to go on the bike path. After walking on the bike path, it suddenly ended. Everyone thought that we just wasted 15 min. Everyone thought that we should have gone on the path to the lake in the first place. Anyhow, Maa went back to the other path and walked down towards the lake. That’s where we had the satsang, and that’s where we had a chance encouter with David. Now that I reflect on the incident, I now realize that this whole episode of going for a walk was really to meet David, the Christian Pastor And when we got there, why did prabhu guide Maa to take a wrong path? If we had not taken the wrong path, we would never have bumped into David! How mysterious are Maa and Prabhu’s way!! This incident is nothing sort of a ‘chamatkar’.

2nd Amazing Experience : Encounter with a Dog

Wed May 25, 2016. Today we were all blessed

to go for a walk with Maa. Maa would walk ahead alone. Everyone would follow slowly behind her. It was like baby swans following the Mother Swan! It was an amazing sight to behold! Maa walked along the road and would often walk through different parts of the neighborhood. She turned into one street we have never been to. As she walked down the street, suddenly a large dog, who was about 50 feet away, saw Maa and started running towards her barking loudly. Maa stopped walking and looked straight ahead at the dog. As soon as Maa did this, the dog suddenly stopped about 20 feet away. The dog also stopped barking and just looked at Maa for about 5 secons. Then the dog suddenly turned away quietly without making any sound and walked away. Maa then coninued to walk while we all followed her. The dog watched us from a distance but never barked even once! I have encountered many dogs in my life and they will always bark from far. This is the first time I have seen a dog silenced! What amazing powers of Maa! What was this Leela with the dog? Only Maa knows! This incident just shows you a mere glimpse of the awesome power Maa possesses.

પૂ. માની પ્રસાદી

(પદ લખાયું–તા. ૨૦–૮–૧૬) **મા સર્વેશ્વરી**

(પૂ. મા શ્રી સર્વેશ્વરીના કૃપા–પ્રસાદ રૂપે પૂ. માએ અધ્યાત્મના વાંચકોને પોતાને જે સ્ફુરણારૂપે ભજન પ્રાપ્ત થયું તે મોકલ્યું છે. આપણે સહુ તેને માણીએ. **–તંત્રી**)

(રાગ–મૂર્તિમાંથી માધવા રક્ત ટપકતી)

સાદ સુણીને સ્વર્ગારોહણ સૌ કોઈ દોડી આવો,
દર્શન વંદન સ્પર્શન કરતાં સુખ શાંતિને પામો.
યોગેશ્વર છે શીતળ છાંય,
સર્વેશ્વરી અનુભવથી ગાય.

યોગેશ્વર પ્રભુ અહીં બિરાજે, ઉઘાડી આંખે નિહાળો,
મહામંત્રને જપતા જપતા અસલ સ્વરૂપને પામો.
યોગેશ્વર છે...

બોલાવો તો સામે મળતો, કાયમ કાજે ઠરતા,
જન્માંતરના જોગી જાણે જીવનઘરમાં બેઠા.
યોગેશ્વર છે...

તપ, જપ, વ્રતથી શોધી લીધા,
પડ્યા પાથર્યા કીધા
રાત દિવસ આ દેહે રમતા,
સર્વેશ્વરીએ દીઠા.
યોગેશ્વર છે...

MY EXPERIENCE AT THE YOUTH SHIBIR

–Bhakti Parmarthi

I have been at this Colorado shibir for a little more than a month and I have learned more than I could have possibly imagined. Before I arrived here I was a firm atheist who truly believed there couldn't be such a thing as God. One of the things I would always think was if God was real then how come there is so much suffering and pain in this world. The Chinmaya Mission movie "On a Quest" answered that with a simple analogy, God is like the fuel in a car and if the car were to crash would it be the fuel's fault or the driver's? This made me realize that my understanding of God was all wrong and opened up my mind. It made me question whether or not God could be real. Later I learned about the power of prayer and that praying doesn't just mean to sit down and sing a bhajan–you could just talk to God or Maa in your mind like you would talk to a friend and it is something I want to start doing when I return home.

ANASTHA SURYA

Before the readings I only saw Sri Yogeshwarji as a person in a picture and not as a saint. I also learned the power of prayer from Anastha Surya and would have never really considered praying for my problems until then.

HARI RAS NI HELI

From the Hari Ras Ni Heli readings I came to unterstand Maa a little more. I never really realized how selfless She was until we read the diary and not once did She write "I" in any of Her sentences. Another thing Maa does is She never takes credit for anything She does, instead She says it is Prabhu who is doing these great deeds through Her. She does not have an ounce of ego in Her and that inspires and motivates others around Her to be better physically and spiritually.

Another thing I never realized is how much of Maa's time we take up. Because Maa takes Her time to teach and listen to our daily problems, She ends up staying awake till the break of dawn just to finish Her niyams. But when She goes into solitude/maun, She finishes quite early

in the day even though she has more niyams to do. Althogh we hinder Maa's Sadhana She still accepts us for who we are, the good the bad, even though we probably haven't done anything to deserve Her.

Two other lessons from these readings were the concepts of witnessing and material detachment. By Serving as a witness Maa can see Herself in the maun state like an astral projection. Detaching from material things could help us decrease stress and develop spiritually which in turn helps us become one with God.

READINGS

I am Malala–showed me that in the worst of places there is still good. Malala was braver than most people even thought. She was in Pakistan where it is harder for girls to be courageous.

Life without limits–this book helped my self–esteem and gave me encouragement to go on with my daily life in a happier manner and help me be more positive about my career choice.

TAKEAWAYS (HAVE SHU?)

To start my quest once I leave this shibir I

want to try and test the power of prayer by praying to Maa in the form of talking. I also want to look into other religions to see what kind of insights they can bring and also look more into Swami Chinmayananda. I also want to try and improve my health by fasting; I'd like to do a raw diet once a week and nirjala once a month. Other activities I also want to start is exercising (running, hiking, walking, and swimming), Yoga, and meditation couple times a week. Also I want to continue drawing and improve my art skills by practicing and taking a class each semester.

MAA :–

What attracts you to MAA?

Absolutely everything!!!!!

What is your favorite quality of MAA?

Her love for everything and everyone and she sparks the fire of love in every bhakta.

મુશ્કેલીઓ તે વસ્તુ હોય છે, જે આપણને ત્યારે દેખાય છે જ્યારે આપણું ધ્યાન લક્ષ પર નથી હોતું.

"અજ્ઞાત"

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ મંત્રનો અર્થ

—શ્રી યોગેશ્વરજી

ઋષિકેશમાં ગયે વરસે એક સંન્યાસી મહારાજ આવ્યા હતા. તે સારા કથાકાર પણ હતા. પંજાબી ક્ષેત્રમાં તેમની નિયમિત કથા ચાલતી. સાંજને વખતે તેમની કથા પૂરી કરીને તે ગંગાકિનારે ફરવા આવતા. ગંગાકિનારા પરની ખાલી જગ્યામાં બે વરસની અંદર અંદર સંતમહાત્માઓએ કેટલીય કુટિયા બાંધી હતી. સંન્યાસી મહારાજનું મન તે જગ્યા જોઇને પ્રસન્ન થયું. પછી તો ત્યાં આવેલી એક તૈયાર કુટિયા તેમણે ખરીદી લીધી ને તેની સામેની વિશાળ જમીન પણ લીધી. તે કુટિયા ને જમીનની રક્ષા માટે તેમણે કાંટાળી—બાવળની વાડ પણ કરાવી. કુટિયા કૂસની બનાવેલી પરંતુ એકંદરે સારી હતી. ગંગા તદ્દન પાસે હોવાથી પાણીનો આરામ હતો. તે પછી તો પૂનમ આવી એટલે તેમણે ત્યાં માણસોના સમૂહમાં કથા કરી. માણસો તે જગ્યાના ભાગ્યને વખાણવા લાગ્યાં.

એક સાંજે તેમની ને મારી મુલાકાત થઇ ગઇ. તે ગંગાકિનારે ફરીને પાછા આવતા હતા, ને હું માતાજીની સાથે ફરીને આવતો હતો. તેમની સાથે તેમના કોઇ ભક્ત હતા. તેમને જોઇને મેં પૂછ્યું કે પેલી જમીન તમે રાખી છે?

તેમણે ઊભા રહ્યા વિના, ચાલતાં—ચાલતાં જ હામાં ઉત્તર આપ્યો.

મેં કહ્યું. જગ્યા છે તો સારી, પરંતુ જરા જોખમ ખરું. નદીમાં પાણી આવે ત્યારે તેને ભય છે.

તેમણે મારી વાતને પૂરી સાંભળ્યા વિના જ ચાલતાં ચાલતાં વચ્ચે કહેવા માંડ્યું. હા, જોખમ તો હોય જ ને? જોખમ ન હોય તો અત્યાર સુધી કાંઇ જગ્યા ખાલી પડી રહે?

અમારી વાત, અલબત્ત, હિન્દીમાં જ થઇ હતી, પરંતુ સંન્યાસી મહારાજના શબ્દોની પાછળ ભારે અભિમાન ને અક્કડતાનું દર્શન થયા વિના મને રહ્યું નહીં. મેં માતાજીને તેનો નિર્દેશ પણ કર્યો.

તે વાતને દસેક દિવસ થયા ત્યાં તો ભારે વરસાદ શરુ થયો. ભારે ને સતત વરસાદની સાથે ગંગાજીમાં પૂર આવ્યું. તે દિવસો નવરાત્રીના હતા. કિનારા પરની કુટિયાવાળાને કુટિયાઓ ખાલી કરીને ધર્મશાળામાં આશ્રય લેવો પડ્યો. તે ભારે તોફાનમાં પેલા સંન્યાસી મહારાજની જમીન પાણીથી ભરાઇ ગઇ. તેમની વાડ ને કુટિયા ગંગાજી લઇ ગઇ. તેમના શિષ્યે પૂર પાછું હઠ્યા પછી તે સ્થાનની મુલાકાત લીધી. પણ પછી શું વળે? પહેલાં પણ શું વળે? કુદરતી આફત આગળ માણસ કેટલો પરવશ ને લાચાર બની જાય છે તેનું સૌને ભાન થયું. માણસ જો ધારે તો આવા પ્રસંગ પરથી બોધપાઠ લઇને સરળ ને નમ્ર બની શકે. અલબત્ત, માણસ ધારે ને બોધાપાઠ લેવા માગે તો. કુદરતી આફતમાંથી કાયમને માટે મુક્તિ મેળવવાની તેની ઝંખના છે. તે માટે તે બને તેટલો પુરુષાર્થ પણ કર્યા કરે છે, સાવધાની પણ રાખે છે. છતાં કેટલીય વાર તેનો ભોગ થઇ પડે છે, એ હકીકત છે.

દેવનો બીજો અર્થ પ્રારબ્ધ પણ થાય છે. પ્રારબ્ધ એટલે પોતાનાં જ કરેલાં કર્મ. પ્રારબ્ધ જેમ કેટલાક ધારે છે ને માને છે તેમ કોઈએ માણસના ઉપર બળજબરીથી નાખેલી કે લાદેલી વસ્તુ નથી. તે તો માણસનાં પોતાનાં જ કર્મોનો પરિપાક છે. માણસની દ્રષ્ટિ ટૂંકી ને બરાબર ઊઘડેલી નહીં હોવાથી તેને દરેક ઘટનાના કાર્યકારણ સંબંધની ખબર નથી પડતી. તેનો અર્થ એવો કદાપિ નથી કે તે ઘટનાઓ આપોઆપ બને છે ને તેમની પાછળ કોઈ કર્મનો નિયમ કામ નથી કરતો. કર્મનો નિયમ માણસ જાણે કે ન જાણે ને માને કે ન માને છતાં દરેક પ્રસંગની પાછળ અચૂક કામ કરી રહ્યો હોય છે જ. પ્રારબ્ધ પણ તેનું જ પરિણામ છે. તેને લીધે પણ જીવનમાં માણસને કેટલાંક તનનાં, મનનાં ને વ્યવહારનાં દુઃખ ભોગવવાં પડે છે નાનાં બાળકોને થતાં કેટલાંક કષ્ટો પ્રારબ્ધના જ ફળરૂપે થતાં હોય છે.

પ્રારબ્ધ કર્મ

અમે થોડાંક વરસ પહેલાં મુંબઈમાં હતા ત્યારે એક ચિત્રકાર ભાઈ અમને તેમને ત્યાં તેડી ગયેલા. તેમના સત્તર—અઢાર વરસની વયના દીકરાની દશા બહુ વિચિત્ર અને કફોડી હતી. બાલપણથી જ તે મૂંગો હતો. વળી તેની બુદ્ધિ પણ કામ કરતી ન હતી. બરાબર ઊભા થવાની ને ચાલવાની શક્તિ પણ તેનામાં ન હતી. કોઈ ખવડાવે તો જ ખાઈ શકે ને પહેરાવે તો જ કપડાં પહેરી શકે એવી તેની દશા હતી. મળ ને મૂત્ર પણ તે જ્યાં બેઠો હોય ત્યાં જ કરતો. તેની એક નાની બહેન હતી. તેની દશા પણ લગભગ તેવી જ હતી. બન્ને બાળકોએ આ જન્મમાં તો કોઈ

અપરાધ કર્યો નહોતો. કોઈ કુકર્મ નહોતું કર્યું. છતાં તેમની સ્થિતિ આવી કફોડી કેમ થઈ પડી? તેમનું એટલું સૌભાગ્ય કે તેમને માયાળુ માતાપિતા મળ્યા હતાં. તે તેમની સંભાળ ખૂબ પ્રેમથી રાખતાં હતાં. પરંતુ એવાં પણ કેટલાંક જન્મથી અપંગ, દુઃખી ને રોગી બાળકો છે જેમની સંભાળ લેનારું કે સુશ્રૂષા કરનારું કોઈ જ નથી. તેમનું શું? નાનાં બાળકોને જ નહીં, મોટી ઉંમરના માણસો ને મહાપુરુષોને પણ ભયંકર રોગો ને મુસીબતોનો સામનો કરવો પડે છે. દુઃખ, દર્દ, મુશ્કેલી ને મુસીબતો કોને પ્રિય છે? તેમાંથી છૂટવાના પ્રયાસ સૌ કોઈ કરે છે તેમ તે પણ કરે છે. પરંતુ કેટલીક વાર દુઃખ કે દર્દ કર્માધીન હોઈને લાંબુ ચાલે છે.

છતાં પ્રારબ્ધનો ક્ષય ને અંત નથી એમ નહીં. શાંતિપૂર્વક સહન કરવાથી કે ભોગવવાથી તેનો ભાર હળવો થાય છે. વળી પ્રભુપરાયણતાને કેળવવાથી ને પ્રભુની કૃપાથી પણ તેની શાંતિ થાય છે. પ્રારબ્ધને ભોગવવાનું તો છે જ, તો પછી બનતી શાંતિ ને સહનશક્તિથી ભોગવવાનું સારું છે. તે ઉપરાંત, નવાં કર્મ એવાં કરવાં કે જેને પરિણામે સારું પ્રારબ્ધ નિર્માણ થાય. સત્કર્મ ને પ્રભુપરાયણતાની રુચિ કેળવવાથી ને ટેવ પાડવાથી એ કામ સહેલું બને છે. પ્રારબ્ધ કર્મ અથવા કુદરતી આફત કેટલીક વાર પરસ્પર સંકળાયેલી વસ્તુ હોય છે. તેને પરિણામે ઉત્પન્ન થતી અશાંતિમાંથી મુક્તિ મેળવવાની ઈચ્છા દરેક માણસને હોય એ નિર્વિવાદ છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃમાં ત્રીજી વારની જે શાંતિની

ભાવના છે તે આધ્યાત્મિક શાંતિ સંબંધી છે એમ સમજી શકાય. શાસ્ત્રો ને સંતો કહે છે કે માણસ શાંતિસ્વરૂપ છે. છતાં વાસ્તવિક રીતે જોઇએ તો જણાય છે કે તેને શાંતિનો સ્વાદ નથી મળતો. શાંતિની તેની ભાવના ને ભૂખ અર્પૂણ જ રહી ગયેલી જોવામાં આવે છે. જેમને ભૌતિક શાંતિ છે, અથવા તો જે સાંસારિક રીતે સુખી છે, સાંસારિક દ્રષ્ટિએ જોઇએ તો જેમને ત્યાં વૈભવ ને સુખસાહ્યબીની છોળો ઊડે છે, તેવા માણસો પણ અવારનવાર એક પ્રકારની ઊંડી આંતરિક અશાંતિનો અનુભવ કરતા હોય છે. કેટલીક વાર તેનું કારણ માનસિક પણ હોય છે. વિચારોના ઘર્ષણ કે કોઇ મતભેદ અથવા સમજફેરને લીધે માણસોમાં પરસ્પર વહેમ ને કુસંપની ખાઇ ખોદાય છે, ને પરિણામે અશાંતિની આગ ઉત્પન્ન થાય છે. માણસની પોતાની કેટલીક કુટેવો, વાસનાઓ, ટૂંકી દ્રષ્ટિ ને લાગણીની અતૃપ્તિ પણ તેને અશાંત બનાવી મૂકે છે. હૃદયની સંકુચિતતા, નિર્બળતા ને વધારે પડતી લાગણીવશતાને લીધે પણ જીવન અશાંતિમય બની શકે છે.

બહુ ઓછા સંજોગોમાં આત્મિક અશાંતિનું કારણ ઈશ્વરપ્રાપ્તિની ભૂખ અથવા ઈશ્વરના સાક્ષાત્કારના અભાવે હોય છે. મોટા ભાગના માણસોને તો ઈશ્વરની ઇચ્છા જ નથી હોતી. ઈશ્વરપ્રાપ્તિની ભૂખ તેમને નકામી ને ગાંડપણમાં ખપાવવા જેવી લાગે છે. તેવા માણસોને ઈશ્વરની પ્રાપ્તિ વિના અશાંતિ થવાનું કોઇ કારણ નથી. તેવી અશાંતિ તો મીરાં જેવી કોઇ પ્રેમમૂર્તિ પ્રેમદીવાનીને થાય છે.

'એરી મૈં તો પ્રેમ દીવાની, મેરો દરદ ન જાને કોય.'

એમ કહીને તે પોતાની આંતરિક અશાંતિને વ્યક્ત પણ કરે છે. નરસિંહ, તુકરામ, ચૈતન્ય મહાપ્રભુ ને રામકૃષ્ણ પરમહંસ જેવા બહુ જ થોડા પ્રભુપ્રેમી ભક્તો કે સંતોના જીવનમાં પ્રભુપ્રેમની એ મસ્તી ને તેને પરિણામે ઉત્પન્ન થતી અશાંતિનું દર્શન ને પ્રભુની પૂર્ણ કૃપા વિના દૂર કેમ થઇ શકે? પ્રભુના સાક્ષાત્કાર વિના તેમના અંતરની સગડી સદા સળગતી જ રહેવાની. પ્રભુની કૃપાથી જ તેમને તૃપ્તિ થવાની ને આત્મિક શાંતિ પણ મળવાની.

ત્રણ પ્રકારની શાંતિનો વિચાર આપણે કરી લીધો. તે પરથી કોઇને શંકા થવાનો સંભવ છે કે એકલું શાંતિ શાંતિ બોલવાથી કે શાંતિના જપ કરવાથી કે બહુ બહુ તો શાંતિનું ધ્યાન ધરવાથી કાંઇ શાંતિ મળે? બરાબર છે. તે શંકા સાવ ઉડાવી દેવા જેવી નથી. પરંતુ સ્વાભાવિક છે. તેની પાછળ વિવેકપૂર્વકની ગણતરી ને અનુભવનું પીઠબળ રહેલું છે. આપણું ઘણું ખરું કર્મ ઉપરચોટિયું. સમજ કે વિવેક વગરનું ને તત્ત્વજ્ઞાન પોપટિયું થઇ ગયું છે. કર્મમાં ભાવના રહી નથી, ને જ્ઞાનમાં આચારનો આગ્રહ જેવો ને જેટલો જોઇએ તેવો ને તેટલો સચવાતો નથી. માણસો એકલા શાંતિઃ શાંતિઃ શાંતિઃ ના જપ કરે અથવા તો શાંતિપાઠ બોલીને બેસી રહે તેથી કાંઇ જ વિશેષ હેતુ સરવાનો સંભવ નથી. તરસ્યો માણસ પાણી પાણીનો મંત્ર જપે તેથી કાંઇ તેની તરસ ટળે છે? હા, તેનો અવાજ સાંભળીને કોઇ તેને પાણી લાવી આપે તે બરાબર, પણ તે પાણી તેણે પીવું તો જોઇએ જ.

પીવાની ના પાડે કે મહેનત ન કરે તો તેની પ્યાસ ન જ ટળે. તેવું જ શાંતિના સંબંધમાં સમજી લેવાનું છે. પોતાને શાંતિ મળે તેવી ભાવનાની સાથેસાથે માણસે શાંતિ મળે તેવાં કર્મ પણ કરવાનાં છે. તો જ તે વહેલો કે મોડો પણ શાંતિનો અનુભવ કરી શકે. એથી ઊલટું, કોઇ શાંતિની ઝંખના કરે કે ચાહના રાખે પરંતુ જો તેનાં કર્મ તેનાથી વિપરીત હોય, એટલે કે તે એવો પુરુષાર્થ કરે કે જેને પરિણામે તેના જીવનમાં અશાંતિ જ ફરી વળે તો તેનું શાંતિનું સ્વપ્ન ભાગ્યે જ સિદ્ધ થઇ શકે. સરવાળામાં તેને અશાંતિનો જ અનુભવ કરવો પડે એટલે ભાવના ને કર્મને જીવનના વિકાસની સાથે તદ્દન નજદીકનો—ગાઢ સંબંધ છે એ વાત વિસરાવી ના જોઇએ. માણસે શાંતિની ભાવનાના સેવનની સાથે સાથે શાંતિમય—શાંતિને વધારવામાં મદદ કરનારાં કર્મોનો પણ આધાર લેવો જોઇએ.

સ્થાપત્ય કન્સ્ટ્રક્શન
પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,
બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
મોરબી—૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

યુવા શિબિરનો પ્રતિભાવ(૨)

—અર્પિતા જોષી

કોલોરાડો રાજ્ય અમેરિકાનું દરિયાની સપાટીથી ઉંચામાં ઉંચું રાજ્ય છે તેમાં પણ બ્રેકેનરીજ શહેર—૧૦,૦૦૦ ફૂટની ઉંચાઇએ વસેલું હિમાચ્છાદિત ગિરિવરોની વચ્ચે શોભતું શહેર છે. તે પર્વતમાળાના સર્વોચ્ચ, શ્રેષ્ઠ સાધના શિખર સ્વરૂપે પૂજ્ય મા ત્યાં શોભી રહ્યાં. પણ ૧૦,૦૦૦ ફૂટની ઉંચાઇએ હવામાં પ્રાણવાયુનું પ્રમાણ ઓછું હોવાથી ત્યાં રહેવામાં, જીવવામાં માનવદેહને ઘણા અનુકુલન અથવા અનુવીધાન કરવા પડે છે. તેને સમય લાગતો હોય છે. જે નીચલા વિસ્તારથી આવનાર લોકો હોય તેમણે શરૂઆતમાં શ્વાસ ચઢવો, માથાના દુઃખાવાથી માંડીને ઉલટીઓ થવી તેવા અનેક વ્યાધિઓ થવાની ભારે સંભાવના રહે. પણ આ તો પૂજ્ય માનું સામ્રાજ્ય હતું એટલે મોટાભાગના કોઇ બાળકોને કોઇ વિશેષ તકલીફ ન હતી પડી. ૨—૩ જણને બાદ કરતા, સૌ કોઇ નિરોગી અને તંદુરસ્ત રહ્યા. વિજ્ઞાન કહે છે તેવા વાયુમંડલમાં ખાસ કરીને વ્યાયામ કે શારીરિક શ્રમ શરુઆતમાં ના કરવો જોઇએ. પરંતુ આપણા વિજ્ઞાન પરે પૂજ્ય માએ તો ત્યાં પણ આવીને પ્રથમ દિવસથી જ પોતાના પ્રણામ, યોગાસનો, અને ચાલવાનો વ્યાયામ શરુ જ કરી દીધેલો. તે પણ પૂજ્ય માની દેહાતીત અવસ્થાના જ દર્શન છે. આખા એરપોર્ટના રસ્તે અને પર્યટનના પર્વતીય પહાડોના રસ્તે કોઇ અકસ્માત નહીં. પર્વતના હાઇકિંગ અન બાઇકિંગમાં

કોઈને ઈજા કે અકસ્માત ન થયા. સર્વ પ્રકારે, સર્વ રીતે અનુકુળતા, સદા સર્વનું મંગલ થયું એ વાત ઓછી વિસ્મયજનક નથી.

આ રીતે પૂજ્ય માએ સ્વયંનું સર્વસ્વ રેડીને તેમના નાના છોડવાઓને સિંચવાનો, એક અનેરો યજ્ઞ કર્યો. પરંતુ પૂજ્ય માના સામ્રાજ્યમાં લોકશાહી છે. દરેકને પોતાનો મત કે અભિપ્રાય આપવાનો પૂરો અધિકાર છે. જે દિવસે વિદાય હોય તે દિવસે પૂજ્ય મા શિબીરાર્થીઓના મનમાં ડોકિયું કરવા તેમને એક 'સર્વે ફોર્મ' ભરવા આપે.

આ રીતે પૂજ્ય માને તેમના ગમા–અણગમાનો અંદાજ આવે, યુવા હૃદયનો પડઘો સંભળાય. એ ફોર્મ અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષામાં, પ્રિન્ટ અને ઓનલાઈન બંને રૂપમાં ઉપલબ્ધ કરી આપવામાં આવતું. ફોર્મના પ્રશ્નો આ પ્રમાણે હતાઃ

Colorado 2016 Follow–Up Questionnaire

*Required

Name નામ*

What did you like about the youth shibir? અહીં યુથ શિબિરમાં તમને શું ગમ્યું?*

What did you not like about the shibir? શું ના ગમ્યું?*

What did you read? (names of books, any particular that you liked more than others?) તમે શું વાંચ્યું? બુકનું નામ, કોઈ ખાસ પુસ્તકો વધારે ગમ્યા?*

How were you able to perform your individual sadhana? Were you able to complete your niyams? (if not, then why not and what could have been done to assist in your sadhana?) તમારો નિયમ શું હતો? તમારી વ્યક્તિગતસાધના કેવી રીતે કરી? તમે તે પૂરી કરી શક્યા? ના પૂરી કરી શક્યા હોઈ તો કારણ? કેવી રીતે પૂરી થઈ શકત?*

How did you find the environment? (geographical location and environment of the home) અહીંનું કુદરતી વાતાવરણ અને નિવાસ્થાન ગમ્યું?*

Did you like the daily menu? What changes, if any, would you suggest? ફળાહાર અને ભોજનની વ્યવસ્થા ગમી? કોઈ સુચન?*

What is your opinion on the daily schedule (prayer, group reading, etc)? રોજનો કાર્યક્રમ પ્રાર્થના, સમૂહ વાચન, ચર્ચા વગેરે ગમ્યું? તમારો અભિપ્રાય*

Should another Youth Shibir be held? If yes, then where and for how long? ફરી આવી શિબિરનો કાર્યક્રમ રાખવો? ક્યાં રાખવો? કેટલા સમય સુધી?*

What did you gain from your time at the shibir? આ શિબિરમાં તમે શું પામ્યા?*

Additional Comments (તમારો વધારાનો અભિપ્રાય)

હું શું પામી?

ધરા

પરમ કૃપાળુ મા,

કોટિ કોટિ પ્રણામ.

આનંદ, પ્રેમ, કરુણા, અપાર જ્ઞાન અને નવજીવન ધરતી આ ગંગાના વહેણ સાત સમંદર પાર કરી અમ પામર જીવોના કલ્યાણ માટે ફરીથી આ ભૂમિ પર અવતર્યા છે. મનમોહક મધુરું હાસ્ય રેલાવતી મારી મા ખળખળ જળસ્થળ રમતા, કુદતા, પૂરપાટ ઝડપે દોડતા ગંગાના વહેણ સમી લાગે અને મૌનમાં રહેલી સ્વમાવશ, મારી મા અફાટ સાગર સમી લાગે. આ પવિત્ર ખળખળ વહેતા અફાટ અંતર અને ઊંડાણ ધરાવતા વહેણમાં અમ સંસારેથી થાકેલી, નિસ્વાર્થ પ્રેમ અને શાંતિના તરસ્યા પામર પ્રવાસીઓ આવીને એના શીતળ જળનું પાન કરે કે એમાં સ્નાન કરે તો મારી મા ગંગા પોતાના હસતા, રમતા, કુદતા મોજાઓમાં એમને વ્હાલથી ઊંચકી, પસરાવા અપાર પ્રેમથી સ્નાન કરાવે. અને એમના પર અપાર વાત્સલ્ય અને જ્ઞાનનો અભિષેક કરે છે. કેટકેટલાય જન્મોથી, વર્ષોથી, આ જ્ઞાનગંગા, પ્રેમગંગા, ભક્તિગંગા, શક્તિગંગા સતત રીતે ખળખળ કરતી સુમધુરી તો ક્યારેક શાંત સમાધિલીન સમી અફાટ જળપ્રવાહ સાથે આમ જ વહ્યા કરે છે. કહે છે કે સરિતાના નીર વધે કે ઘટે રે લોલ...પણ આ મારી મા ગંગાના પ્રેમનો પ્રવાહ અવિચળ, એક સરખો અને અથાગ...હોય છે...હંમેશા...પ્રભુ જ જાણે કે મારી આ 'મા ગંગાને' આ શુદ્ધિકરણ અને નવજીવન પ્રદાનનું કાર્ય—મહાયજ્ઞ સમું અંતર

કેટલું કાપવાનું બાકી છે. સર્વમંગલકારી અત્યંત પાવન મારી આ ગંગાના વહેણ ને હજુયે એના સાગરનું સરનામું મળ્યું નથી, સમાવવા માટે છતાંયે વિશ્વના કલ્યાણ માટે હસતી, રમતી સહુને હસાવતી, રમાડતી અખૂટ પ્રેમ વરસાવતી બસ વહ્યા કરે છે...વહ્યા કરે છે...પરોપકારી, કરુણામયી મારી મા ગંગા પ્રભુમયી છે. જે પોતે કરેલા દરેક કાર્ય—મહાયજ્ઞને પ્રભુને સોંપે છે. પ્રભુ જ વહાવે, પ્રભુ જ પખાળે, પ્રભુ જ ઉગારે...મારી "મા ગંગા"ને કોટિ કોટિ પ્રણામ... કોટિ કોટિ પ્રણામ...પ્રણામ...પ્રણામ...પ્રણામ...પ્રણામ...પ્રણામ....

આપની હયાતીએ આ જીવને ઘણી ઘણી રીતે શુદ્ધ કરી છે. હવે આ જીવનની એક ક્ષણ પણ આપ વગર શક્ય નથી. આપનું સાન્નિધ્ય અને આપની ભક્તિ જે સુખ, સંતોષ અને પૂર્ણતાનો અહેસાસ કરાવે છે એ આ દુનિયાનું કોઇ જ કોઇ જ સુખ, સંબંધ કે સાધન નથી આપી શકતું મા...આપને અંતરમનથી કોટિ કોટિ વંદન અને આભાર વ્યક્ત કરું છું કે આપે આટલી સરસ તક મારા જીવનમાં ફરી એક વાર આપી કે હું આપનું, પ્રભુનું પવિત્ર સાંન્નિધ્ય પામી શકું. આપનું સતત સાંન્નિધ્ય, આપની બેઠક અને એમાં આપના સમજાવેલા મુદ્દાઓ. ખાસ કરીને મંત્રજપ, ધ્યાન. પ્રભુના પવિત્ર જીવનના રસથાળની પ્રસાદી આધ્યાત્મનો અનસ્ત સૂર્ય સ્વરૂપે. હરિરસની હેલીમાં ભીંજાઇ ને પ્રભુ—મસ્તાની મારી માની ઝાંખી વધુ નિકટથી થઇ. અણમોલથી અતિ અણમોલ આપના પદપ્રસાદ સાથે નિયમ પ્રમાણે પ્રણામ, લેખન, વાંચન, ધ્યાન અને મંત્રજપના સ્નાન લઇને જઉં છું મા...

તારીખ ૨૬ જાન્યુઆરી, ૨૦૧૩. આપનું પ્રથમ દર્શન

મારા આ જીવનમાં એ સાંજે આપની રમુજી, પ્રેમાળ અને અત્યંત મોહક છબી આંખોમાં સમાઈ ગઇ હતી. ત્યારથી દરેક વખતે સ્વર્ગારોહણ આવતી ત્યારે કે અહીં આવ્યા પછી આપની સમક્ષ ભજન ગાવાની ખૂબ જ તીવ્ર ઉત્કંઠા હતી.. ''હરિ આવો'' ભજન હંમેશા મેં આપને મળ્યા પછી આપ અને પ્રભુને ધ્યાન ધરીને ગાયું છે અપાર કૃપાના ફળ સ્વરૂપે હું એ ભજન ગાઇ શકી. આખરે આપની સમક્ષમાં...હું કેટલી ઋણી છું આપની, શબ્દોમાં વર્ણવી નથી શકતી મા... આપે પૂજ્ય સુશીલામાસી, તાપસભાઇ તથા સ્વરા માટે આપના તરફથી અપાતા જન્મદિન ના કાર્ડ બનાવવાની તક આપી, આપની સેવા કરવાની પણ થોડી તક આપી. અરે! કેટકેટલું મા...આપનો આ અનરાધાર પ્રેમનો વરસાદ હું પામર, તુચ્છ ક્યાં ઝીલીશ...? મારી કૃપામયી, કરુણામયી માને અંતરતમથી કોટિ કોટિ...પ્રણામ...પ્રણામ...પ્રણામ...

અહીં આવી રોજ સવારે ધ્યાન કરતી હતી પરંતુ એટલી એકગ્રતાએ પહોંચી ન હતી. જે આજે પહોંચી. આપની ગઇકાલની ધ્યાન પરની બેઠક પછી શું કહું મા...ધ્યાનમાં શું મળ્યું? પણ આંખો ખોલી ત્યારે ખૂબ જ સ્ફૂર્તિ અને ચેતના અનુભવતી હતી. હજુ અહી ક્યાં અટકે છે આપની કૃપાવર્ષાની હેલી...નદી કિનારે પથ્થર ઉપર વિરાજમાન આપનો ફોટો લેવાની આજ્ઞા કરતા આપે તો મને જ પાસે બોલાવી લીધી...!! મારા આ જીવનની સૌથી અણમોલ ક્ષણ હતી. ક્યા શબ્દોમાં વર્ણવું મારી લાગણીઓ મા...સમજાતું નથી, આખુયે અઠવાડિયું એવું વીત્યું કે પાછળના મહિનાઓ અને વર્ષોના દાગ સાફ કરી ગયું. નવી સ્ફૂર્તિ, ચેતના, પ્રેરણા, ધગશ, ઉત્સાહ, જોમ ભરી

ગયું. અમ પામર જીવો ઉપર ફરી કૃપા કરી આવી રીતે જ તારી પાસે બોલાવતી રહેજે મા...મારી ખૂબ જ ઇચ્છા છે મા કે આપની સેવામાં જીવન વ્યતિત થાય. આપ કૃપા કરશો મા. આપની સેવા, આપનો પથ, આપના વિચાર અને જીવનમંત્રને અનુસરું, શીખું, અન્યને શીખવાડું. પરંતુ આ લાલચુ મન સતત બસ આપને જ ઝંખે છે. આપ આ પામર પર કૃપા દૃષ્ટિ દાખવી પોતાની પાસે સેવા કાર્યે જરૂરથી બોલાવશો એવી ખૂબ ખૂબ પ્રાર્થનાઓ યાચનાઓ છે મા...

અહીં અટકુ—છું મા... ઘણું કહેવું છે પણ અંતરમાં ઉછાળા મારતી માની આ ધૂનને શબ્દોમાં કઇ રીતે વર્ણવું એ સમજાતું નથી. છતાંયે તુજ અબુધ બાળે જે તળપદા પ્રયત્નો કર્યા છે તે આ પત્ર દ્વારા આપના શ્રી ચરણોમાં ધરું છું. ખૂબ ખૂબ પ્રાર્થના છે કે આપ એને સ્વીકારશો મા...અંતે, મારા પૂરા પરિવાર તરફથી આપને ખૂબ ખૂબ પ્રણામ અને કોટિ—કોટિ વંદન પાઠવું છું મા...એ સહુ થકી આપ છો આપ થકી એ સહુ છે આ જીવનમાં. આ જીવન આપ સર્વેને સમર્પિત રહેશે. હંમેશા...અહીંથી જાઉં છું પણ થોડા નિયમ લઇને જાઉં છું

૧. ધ્યાન (રોજ સવારે પ્રાર્થના પ્રણામ પહેલાં)

૨. રાત્રે સૂતા પહેલાં વાંચન,

૩. દરેક સંજોગોમાં હસતા રહેવું.

પ્રણામ. પત્રમાં ભૂલચૂક બદલ આપની દીકરીને માફ કરજો મા.

પ્રણામ...પ્રણામ...પ્રણામ...પ્રણામ...પ્રણામ...

આપની દીકરી

ધરાના જય કૃપાળુ મા

યોગ સાધનાથી સમાધિ સુધી કેમ પહોંચાય?

–ટી.વી.પટેલ (અમેરિકા)

(ભાઈ શ્રી ટી.વી. પટેલે અમને ત્રણેક લેખ મોકલ્યા છે. અમેરિકામાં વસવા છતાં તેમની આધ્યાત્મિક સમજ દાદ માગી લે તેવી છે. ઈચ્છું કે જે તેઓએ લખ્યું છે તે તેમના જીવનમાં અભિવ્યક્ત થતું હોય.

આજના યુગમાં હાથેથી ૧૨ જેટલાં પાનાં લખવાં એ કેટલો બધો પરિશ્રમ માગી લે. સાચે જ તેમનો પ્રયાસ ને પરિશ્રમ અભિનંદનને પાત્ર છે. તેઓ પોતાનો અંગત પરિચય અમને જણાવશે, તો અમને ગમશે.)

–તંત્રી

પાતંજલી યોગના આઠ અંગોમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ તેમજ યમના પાછા પાંચ પેટા અંગો છે જેમા અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ. એ જ રીતે નિયમના પાછા પાંચ પેટા અંગો છે જેમાં શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન. આમ કુલ અઢાર અંગો છે આ અઢારે અઢાર અંગોને બરાબર સમજી સ્વસ્થ ચિત્તે જાણી લેવાં જોઈએ અને વિવેક સાથે શ્રદ્ધાપૂર્વક તેનું નિયમિત અનુસરણ કરવાથી જ સિદ્ધિ હાથ વગી થાય છે. આ માર્ગ ઘણો લાંબો છે ને કપરો પણ છે, માટે ધૈર્ય ધરીને પૂરી સમજ સાથે આગળ વધવું જરૂરી છે.

સમગ્ર યોગની સાધના બે વિભાગમાં વહેંચાયેલ છે જેમાં એક સાધના બાહ્ય વ્યવહારમાં પૂરેપૂરી શુદ્ધતા રાખવાની છે ને બીજી છે આંતરિક સાધના જેમાં અંતરમુખી બની તમામ ગંદકી સાફ કરી શુદ્ધતા લાવવાની પ્રક્રિયા છે. આમ આંતરિક રીતે અને બાહ્ય રીતે પૂરેપૂરી શુદ્ધતા પ્રાપ્ત કરવાની છે તો જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જે માણસ પોતાના મૂળ સ્વભાવમાં સ્થિર થવા માગતો નથી તે માણસ યોગમાં સિદ્ધિ હાંસલ કરી શકે જ નહીં. મૂળ સ્વભાવમાં સ્થિર થવું એટલે આપણા પોતાના જ સ્વ સ્વરૂપને જાણી તેમાં સ્થિર થવું–આ માટે જ યોગની સાધના છે આ સાધનામાં સફળ થવા માટે બાહ્ય રીતે અને આંતરિક રીતે પૂરેપૂરી શુદ્ધતા પ્રાપ્ત કરવાની છે. આમ બદલાવ કરવાની સંપૂર્ણ તૈયારી હોવી જ જોઈએ. આ માટે નિરંતર અસ્ખલિત રીતે જાગૃતિપૂર્વક જીવવું પડે છે. નિરંતર જાગૃતિપૂર્વક સચેતનતા પ્રાપ્ત કરીને જીવવું એ જ યોગની સિદ્ધિ છે. જાગૃતિપૂર્વક જીવવું એટલે જ વર્તમાનમાં જીવવું. ભૂતકાળની ભૂલોને યાદ કરવી નહીં, વાગોળવી નહીં, અને ભવિષ્ય કાળની ચિંતા કરવી નહીં. એટલે સંકલ્પ–વિકલ્પોથી દૂર રહેવું, ઘોડા ઘડવા જ નહીં, આટલું જ માત્ર જીવન સંગ્રતિમાં સ્વસ્થતાપૂર્વક, અમલ કરી શકીએ તો જ યોગની સાધનામાં સફળતા મળે છે.

એટલું સમજી લેવું જાણી લેવું અત્યંત જરૂરી છે કે વર્તમાનમાં જ શાંતિ છે, સુખ છે, ને આનંદ છે. વર્તમાનથીં આમ તેમ ફર્યા એટલે દુઃખ–ચિંતા–ઉદ્વેગ જ હાથમાં આવશે. આવે જ છે. આમ યોગની સાધના એટલે જ વર્તમાનમાં જીવવું તે છે.

આવી સ્પષ્ટ સમજ અને જાણકારી સાથે યોગમાં આગળ

વધીએ તો જ હાથવગી થાય છે. સિદ્ધિ એટલે પરમતત્ત્વ—પરમાત્માની અનુભૂતિ મેળવવી. આ અનુભૂતિ પ્રાપ્ત કરવી એટલે આંતરિક રીતે વિચાર અને શબ્દરહિત બની જવું. અંતઃકરણમાં પૂરેપૂરા સ્થિર થવું અને અંદરના પ્રકાશ પરત્વે દૃષ્ટિ કરવી તેમજ આપણી આસપાસ વિશાળ વૈશ્વિક ચેતના સાથે એકાગ્રતા કેળવવી. આંતરિક તેજસ્વીતા અને વિશાળતા સાથે વધુને વધુ એકત્વ કેળવતા જવું. જો આપણે આંતરિક રીતે આટલું કરી શકીશું તો ઉર્ધ્વમાંથી પરમતત્ત્વ આપણી ઉપર ઉતરી જ આવશે અને આપણી આજુબાજુથી સર્વ દિશામાંથી સત્યનો પ્રવાહ આપણી અંદર વહેતો થશે. એ જ પરમતત્ત્વ પરમાત્માની અનુભૂતિ છે. જો આપણે સાચા હૃદયથી, હૃદયપૂર્વક પરમતત્ત્વ પરમાત્માની સેવા કરવા માગતા હઈશું તો પરમતત્ત્વ શું છે તેની અંતઃકરણમાં જ ખબર પડી જશે તેમાં કોઈ શંકા જ નથી. માત્ર ને માત્ર હૃદયપૂર્વકની લાલસા હોવી જોઈએ આમ આપણને આત્મજ્ઞાન પ્રાપ્ત થશે.

એટલું સ્પષ્ટ સમજી લેવું જરૂરી છે કે આત્મા હંમેશા સત્ય દ્વારા, યોગની સાધના દ્વારા, સમ્યક જ્ઞાન દ્વારા, શુદ્ધ ને પવિત્ર જીવન દ્વારા જ પ્રાપ્ત થાય છે. આ સિવાય આત્મા પ્રાપ્ત થતો જ નથી. આત્મજ્ઞાન પ્રાપ્ત થઈ શકે જ નહીં. આ આત્મા શરીરમાં ઊંડે રહેલો છે તેમજ સૂક્ષ્મ થકી સૂક્ષ્મ છે. માટે સાધના દ્વારા અંતઃકરણમાં ઉતરવું પડે છે સૂક્ષ્મ બનવું પડે છે, તો જ પ્રાપ્ત થાય છે. આ આત્મા શુભ છે જ્યોતિર્મય છે. દોષમુક્ત છે. માટે શુદ્ધ થવા સિવાય—દોષમુક્ત થયા સિવાય પ્રાપ્ત થઈ શકતો જ નથી.

(ક્રમશઃ)

બૅલ!

—ડૉ.આઈ.કે.વીજળીવાળા

પેપી નામનો એક વૃદ્ધ માણસ પરદેશના એક નાનકડા ટાઉનમાં રહેતો હતો. જૂની વસ્તુઓને રિપેર કરી એ ફરીથી વેચી દેતો. ક્યારેક એ પોતાની ગિફ્ટશૉપમાં થોડીક નવી વસ્તુઓ પણ ગોઠવી દેતો. એની રહેવાની નાની ઓરડીમાં એની દુકાનમાંથી જ જઈ શકાતું, એટલે જ્યારે કોઈ ગ્રાહક ન હોય ત્યારે પેપી પોતાની એ નાની ઓરડીમાં બેસી પોતાના ભૂતકાળને વાગોળતો. પોતાનું જૂનું શહેર કે જ્યાંથી એ અહીં નાના ટાઉનમાં આવ્યો હતો—એને યાદ કરતો. પંદર વર્ષની ઉંમરે જ પોતાને છોડી ગયેલ પુત્રને અને વર્ષો પહેલાં પોતાના બૉયફ્રેન્ડ જોડે ઘર છોડીને ચાલી ગયેલી પુત્રીને યાદ કરતી વખતે હંમેશાં એની આંખમાં ઝળઝળિયાં આવી જતાં.

પેપીદાદાએ દુકાનમાં પ્રવેશદ્વાર પર એક બૅલ—ઘંટડી લટકાડી રાખેલી. એની દોરી એવી રીતે રાખેલી હતી કે બારણું જરા પણ ખૂલે એટલે એ ઘંટડી વાગી ઊઠે. એ બૅલનો અવાજ પણ અત્યંત મીઠો હતો. પેપીદાદાના દાદાએ એ બૅલ સોએક વર્ષ પહેલાં ખરીદેલી. ખરીદ્યા પછી થોડાંક વર્ષ બાદ નાનકડા પેપીનું નામ એના પર કોતરવામાં આવેલું. પેપીદાદા પોતે તો એનાથી રમેલા જ, પરંતુ એના ખુદનાં સંતાનો પણ એનાથી રમ્યાં હતાં. પેપીદાદા માટે તો એ બૅલ એક અમૂલ્ય વારસો હતો.

એક દિવસ સાંજના પાંચેક વાગ્યે પેપીદાદા પોતાની દુકાનની પાછળની ઓરડીમાં બેઠા બેઠા પોતાના ભૂતકાળના દિવસો યાદ

કરી રહ્યા હતા. બરાબર એ જ વખતે આગળના દરવાજાની બૅલ વાગી એમણે બહાર આવીને જોયું તો માંડ ટેબલ સુધી માથું પહોંચે એવી નાની પરી જેવી એક છોકરી ઊભી હતી.

'શું જોઈએ છે બેટા તારે?' પેપીદાદાએ પૂછ્યું.

'દાદા! મારે મારી માતા માટે એક નાનકડી ભેટ ખરીદવી છે. મારી પાસે ત્રણ ડૉલર છે. એમાંથી હું શું ખરીદી શકું તે કહેશો ખરા?' દુકાનની એક પછી એક ચીજને આંખોથી ચાળી ચાળીને જોતાં એ છોકરી બોલી.

પેપીદાદાએ એક સરસ ઘડિયાળ હાથમાં લઈ એ છોકરીને બતાવતા કહ્યું, 'આ લેડીઝ ઘડિયાળ કેમ રહેશે, બેટા? એ મેં મારા હાથેથી રિપેર કરી છે!'

પરંતુ પેલી છોકરીના મોં પર એ ઘડિયાળ એને ગમી હોય એવા કોઈ જ ભાવ ન આવ્યા. એટલે પેપીદાદાએ ટેબલના ખાનામાંથી ગોગલ્સ કાઢીને બતાવ્યા, 'જો તો બેટા! આ તારી મમ્મીને જરૂર ગમશે. ખૂબ સારી કંપનીના છે. ફક્ત એક જ સ્ક્રૂ મારે સરખો કરવો પડ્યો છે!'

પરંતુ પેલી છોકરીને એ પણ પસંદ ન પડ્યા. એ પછી તો પેપીદાદાએ એને ઘણી બધી વસ્તુઓ બતાવી, પરંતુ એ નાનકડી દીકરીને એક પણ વસ્તુ પસંદ ન પડી તે ન જ પડી. પેપીદાદાને તકલીફ આપવા બદલ એમની માફી માગીને એ છોકરી દુકાનમાંથી બહાર નીકળવાના બારણા પાસે પહોંચી. એણે ધીમેથી બારણું ખોલ્યું, એ જ વખતે પેલી ઘંટડીનો મીઠો રણકાર થયો. એ અવાજ એટલો તો મીઠો હતો કે એણે બે–ત્રણ વખત દુકાનનું બારણું ખોલ–બંધ કરી જોયું. પછી એ પાછી અંદર

આવી. પેપીદાદાને એણે પોતાના મનની વાત પૂછી જ લીધી, 'દાદા! તમે ત્રણ ડૉલરમાં મને આ બૅલ વેચી શકો ખરા? આ એક જ ગિફ્ટ મને ખૂબ ગમી છે!'

પેપીદાદા બે ક્ષણ માટે થંભી ગયા. એમના કુટુંબના વારસાની નિશાનીરૂપ એ બૅલ વેચવાનો એમને ક્યારેય વિચાર પણ નહોતો આવ્યો. અત્યારે પણ એ વિચાર કરવા માટે પેપીદાદાનું મન ના જ પાડતું હતું. એ બોલ્યા, 'સૉરી મિસ! એ બૅલ વેચવા માટેનો નથી, બેટા! એ તો મારા કુટુંબની નિશાની છે. એના પર મારા દાદાએ મારું નામ કોતરાવેલ છે, પરંતુ તારી મમ્મીને આ નાનકડો રેડિયો જરૂર ગમશે!' એમણે હથેળીમાં લઈને સાંભળી શકાય એવો રેડિયો બતાવ્યો.

પરંતુ હવે એ છોકરીને અન્ય કોઈ વસ્તુમાં રસ નહોતો રહ્યો. એનું મોં પડી ગયું. એની આંખમાં આંસુ આવી ગયાં, છતાં પેપીદાદાનો આભાર માનીને બહાર જવા માટે એ પાછળ ફરી.

હજુ એ દુકાનની બહાર પણ નહોતી પહોંચી ત્યાં પેપીદાદાને વિચાર આવ્યો કે, 'આ બધી વસ્તુઓનો હવે મોહ રાખવાનો શો અર્થ હતો? પોતે હવે કેટલાં વરસ જીવશે? પછી તો શું વારસો અને શું વસ્તુઓ?! જેમ પોતાના બધા જ છોડી ગયા એમ જ આ બધી નિર્જીવ વસ્તુઓ પણ બીજા કોઈના હાથમાં જતી રહેવાની છે. તો પછી એક નાનકડી છોકરીને શા માટે દુઃખી થવા દેવી? શા માટે મારા પોતાના હાથે જ મારો વારસો આ નાનકડી દીકરીને ન આપી દેવો?'

આટલું વિચારીને એમણે બૂમ પાડી, 'અરે એ દીકરી! ઊભી

રહે બેટા! મેં આ બૅલ તને ત્રણ ડૉલરના બદલે એક જ ડૉલરમાં વેચવાનું નક્કી કરી નાખ્યું છે. ચાલ હવે, છાની રહી જા! અને લે આ રૂમાલ! પહેલા તારું નાક લૂછી નાખ!'

એ છોકરી ખૂબ રાજી થઇ ગઇ. આગળ વધી એણે પેપીદાદાના હાથ પર પપ્પી કરી લીધી. એક સરસ ગિફ્ટબૉક્સમાં એ બૅલ પૅક કરીને પેપીદાદાએ એને આપી. પૈસા ચૂકવી, ફરી વાર દાદાનો આભાર માની, એ છોકરીએ વિદાય લીધી. સોએક વર્ષથી પોતાના કુટુંબની દરેક વ્યક્તિ સાથે રહી ચૂકેલી એ બૅલને બહાર જતા પેપીદાદા જોઇ રહ્યા. બૅલ ભલે ગઇ, પરંતુ એ છોકરીને એનું હાસ્ય પોતે પાછું આપી શક્યા એ વાતનો પેપીદાદાને ખૂબ આનંદ થઇ રહ્યો હતો, છતાં એમની આંખમાં ભીનાશ તો આવી જ ગઇ.

સાંજ પડી. દુકાન બંધ કરવાનો સમય થયો. બહાર સજાવટ માટે રાખેલી વસ્તુઓ પાછળના ઓરડામાં ગોઠવતી વખતે અચાનક પેપીદાદાને લાગ્યું કે એમને જાણે એમના બૅલનો અવાજ ફરીથી સંભળાયો. એમને થોડુંક હસવું આવી ગયું. થયું કે પોતે ક્યારના એ બૅલનો વિચાર કરતા હતા એટલે જ કદાચ એનો ભણકારો સંભળાયો હોય! પરંતુ ફરીથી એમને એવું લાગ્યું કે એમના બૅલનો અવાજ જ બહારની રૂમમાં જાણે કે સંભળાયો! હવે એ અવાજ એટલો સ્પષ્ટ હતો કે એની અવગણના થાય તેવું નહોતું. પેપીદાદા આગળના ઓરડામાં આવ્યા. જોયું તો પેલી નાનકડી છોકરી હાથમાં બૅલ પકડીને ઊભી હતી. એના પરનું ગિફ્ટપૅકિંગ એણે કાઢી નાખ્યું હતું.

'કેમ બેટા! શું થયું?' મૂંઝવણના ભાવો સાથે પેપીદાદાએ

પૂછ્યું, 'તારી મમ્મીને ભેટ ન ગમી કે શું?'

'ના દાદા! એવું નથી, પરંતુ મારી મમ્મીએ કહ્યું કે આ ભેટ તો તમારા માટે જ છે. તમને એ ગમે છે અને વળી એના પર તમારું નામ પણ કોતરેલું છે!'

પેપીદાદા કંઇ પણ બોલે એ પહેલાં જ એ છોકરીની મમ્મી અંદર આવી પહોંચી. એની આંખોમાંથી આંસુની ધારા વહેતી હતી. ડૂમો ખાળીને એ માંડ એટલું બોલી શકી કે, 'હાય ડૅડ! મને ઓળખી કે? હું તમારી દીકરી! અને આ મારી દીકરી છે!'

ઘરડા બાપને વળગી પડતા એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી. લાગણીનો પ્રવાહ સહેજ હળવો થયો એટલે બોલી, 'આ બૅલ પર તમારું નામ કોતરેલું જોયું એટલે શંકા પડી હતી કે એ વ્યક્તિ કદાચ તમે પણ હોઇ શકો. એ ધારણાથી જ હું મળવા આવી. અમે લોકો હમણાં જ આ ટાઉનમાં રહેવા આવ્યાં. કેમ, મજામાં છો ને ડૅડ?' એ ફરીથી બાપને વળગી ગઇ.

'હેં! હેં! હા...હા...બેટા!' બુઢ્ઢા બાપના ગળે કાચકી બાઝી ગઇ. આંસુની ધારની આરપાર વિખૂટા પડ્યા પછી માંડ આટલા વરસે મળેલ દીકરીનો ચહેરો જોવામાં જ એમની સમગ્ર ચેતના કેન્દ્રિત થઇ ગઇ હતી. એ પ્રક્રિયા એમને બીજું કાંઇ પણ બોલવા કે વિચારવા દે એમ ક્યાં હતી?

એ જ વખતે પેપીદાદાનો હાથ કોઇએ ખેંચ્યો. પેપીદાદાએ જોયું તો પેલી નાનકડી છોકરી—એમની પૌત્રી, એમનો હાથ પકડીને ઊભી હતી. પોતાનો હાથ લાંબો કરતા એ બોલી, 'દાદાજી! છાના રહી જાઓ! આ લો રૂમાલ! અને લો, હવે તમારું નાક લૂછી નાખો!'

આધ્યાત્મિક પ્રશ્નોત્તરી—ગુરુ વિષે

—મહાત્મા યોગેશ્વરજી

પ્રશ્ન : પૂર્ણતા પોતે જ શું વિશિષ્ટ આકાર ધારણ કરીને ગુરુના રૂપમાં પ્રકટ થતી હોય છે?

ઉત્તર : ગુરુના રૂપમાં પૂર્ણતા પોતે જ વિશિષ્ટ આકાર ધારણ કરીને પ્રકટ થાય છે એવું તો કેવી રીતે કહી શકાય? બધા ગુરુ પૂર્ણ નથી હોતા. હા, એટલું અવશ્ય કહી શકાય કે ગુરુ પરમાત્માના પ્રતિનિધિ હોય છે, પરમાત્માનો સનાતન સંદેશ સંભળાવીને પરમાત્માભિમુખ કરે છે, ને બંધનમુક્તિ, પૂર્ણતા તથા પરમાત્માદર્શનની પ્રેરણા પૂરી પાડે છે. એમની મદદથી અપૂર્ણતામાંથી પૂર્ણતામાં પ્રવેશ કરી શકાય છે અથવા પૂર્ણતાને પોતાની અંદર પ્રગટાવી શકાય છે, એટલું સાચું છે.

પ્રશ્ન : ગુરુ અને શિષ્યનો સંબંધ સનાતન હોય છે. તે જન્મ—જન્માંતર સુધી ચાલે છે, એ સત્ય છે?

ઉત્તર : ગુરુ અને શિષ્યનો સંબંધ જન્માંતર સુધી ચાલે છે અથવા નથી પણ ચાલતો. એ એક જ જન્મ પૂરતો, એક જન્મમાં પણ થોડાક વરસો પૂરતો મર્યાદિત રહેશે કે આગળ વધશે એનો આધાર સંસ્કારો પર રહેતો હોય છે. સર્વ કાંઇ સંસ્કાર કે ઋણાનુબંધને અનુસરીને નક્કી થાય છે. એ સંબંધમાં કોઇ એકસરખો નિયમ નથી લાગુ પડતો.

પ્રશ્ન : શિષ્યને મુક્તિ અપાવ્યા સિવાય ગુરુ પોતે મુક્ત નથી થતા. ગુરુનું ઉત્તરદાયિત્વ એટલું બધું મોટું હોય છે?

ઉત્તર : જે ગુરુ શિષ્યને મુક્ત કરવાની ઉત્કટ ઇચ્છા રાખે ને શિષ્યને મુક્ત કરવા માટે શરીરને છોડ્યા પછી અવારનવાર આવવાનો સંકલ્પ કરે તે ગુરુ. શિષ્યની મુક્તિ કે સદ્ ગતિને માટે પ્રયત્ન કરે એ દેખીતું છે. તેવા ગુરુ જીવનમુક્ત અવસ્થાનો અનુભવ કરવા છતાં પણ સ્વેચ્છાનુસાર જીવનનો અભિનય ચાલુ રાખે છે. એવા સંકલ્પ વગરના બીજા ગુરુને માટે એવું વિધાન લાગુ નથી પડતું. બીજા ગુરુના આશીર્વાદ અને પ્રથપ્રદર્શનથી શિષ્યનું કલ્યાણ થાય છે. ગુરુની અદ્રષ્ટ છતાં અમોઘ શક્તિ શિષ્ય કે શરણાગતના જીવનનું શ્રેય સાધે છે. શિષ્યના જીવનમાં ક્રાંતિ કરીને એ સહજ રીતે જ પોતાની કલ્પનાતીત કરામત કરી બતાવે છે, ને શિષ્યને સર્વ પ્રકારે કૃતાર્થ કરે છે.

પ્રશ્ન : એક વ્યક્તિના એકથી વધારે ગુરુ હોઇ શકે?

ઉત્તર : હોઇ શકે. જેની પાસેથી જીવનના વિકાસનું માર્ગદર્શન મળે, પ્રેરણાની પ્રાપ્તિ થાય, ને શાંતિ સાંપડે તેને ગુરુ કહી શકાય. એવા ગુરુ એક કરતાં વધારે હોઇ શકે. એનો આધાર સાધકની આવશ્યકતા પર રહે છે. મોટે ભાગે તો માનવ કોઈ એક જ પુરુષને ગુરુ કરે છે. જેના તરફથી એને મંત્ર કે માર્ગદર્શન મળે, પ્રેરણા કે પ્રકાશ જડે, જ્યાં એની આંખ અને એનું અંતર ઠરે, એને શાંતિ લાગે, અને એનો આત્મા સમર્પિત બને, તેની સાથે એ શિષ્ય તરીકેનો સંબંધ સ્થાપતો હોય છે. રામકૃષ્ણ પરમહંસદેવે કહ્યું છે કે શિક્ષાગુરુ અનેક હોઇ શકે. પરંતુ દીક્ષાગુરુ એક જ હોય, તેવી રીતે જીવનનું સર્વસમર્પણ એક જ ગુરુના શ્રીચરણોમાં હોઇ શકે.

પ્રશ્ન : કોઈને ગુરુરૂપે સ્વીકારવાની કે પસંદ કરવાની સ્વતંત્રતા મનુષ્યને છે કે નથી?

ઉત્તર : છે. મનુષ્ય સ્વતંત્ર રીતે વિચારે છે, વિચારીને નિર્ણય લે છે, અને લીધેલા નિર્ણયાનુસાર વર્તે છે. એ રીતે વિચારતાં એને ગુરુ કરવાની પણ સંપૂર્ણ સ્વતંત્રતા છે. એની પોતાની ઈચ્છા વિરુદ્ધ કોઇ એના જીવનમાં કોઇ ગુરુને લાદી નથી શકતું. જે થાય છે (ગુરુની પ્રાપ્તિ સંબંધમાં) તે તેની સંમતિ કે સ્વીકૃતિથી જ થતું હોય છે. એટલે ગુરુને પસંદ કરવાની સ્વતંત્રતા મનુષ્યને નથી એવું માનવા—મનાવવાની જરૂર નથી. ગુરુ જીવનમાં કોઇ પ્રકારનાં વિશેષ પ્રયત્ન વિના આપોઆપ અથવા એકાએક આવી મળે તો પણ મનુષ્ય એમની ઉપર વહેલો કે મોડો મંજૂરીની મહોર તો મારતો જ હોય છે.

પ્રશ્ન : ગુરુભાવ, ગુરુ તથા સદ્દગુરુ એટલે શું?

ઉત્તર : ગુરુભાવ એટલે ગુરુ તરીકેનો ભાવ. ગુરુ તરીકેનો ભાવ શિષ્યને હોય તો તે શુભ અથવા કલ્યાણકારક કહેવાય છે, પરંતુ એવો ભાવ અને અહંભાવ જો ગુરુમાં હોય તો તેને શુભ શ્રેષ્ઠ અથવા કલ્યાણકારક ભાગ્યે જ કહી શકાય, ગુરુમાં કોઇ જાતનો અહંભાવ કે ઘમંડ ના જોઇએ. ગુરુ શબ્દ સૌ કોઇને માટે વપરાય છે પરંતુ સદ્દગુરુ શબ્દ સૌ કોઇને માટે નથી વપરાતો. સદ્દગુરુ તો એને જ કહી શકાય જેણે પરમસત્યની પ્રાપ્તિ કરી હોય, પરમ શાંતિ મેળવી હોય, અથવા પરમસત્યની કે પરમશાંતિની પ્રાપ્તિ કરવાના પ્રામાણિક પ્રયત્નો કર્યા હોય. સત્યરૂપી પરમાત્માની સાથે જેણે સંબંધ સ્થાપ્યો હોય અથવા

સ્થાપવાનો સાધનાત્મક પ્રયાસ કર્યો હોય તેને સદ્દગુરુનું નામ આપી શકાય.

પ્રશ્ન : ગુરુદીક્ષા, ગુરુદક્ષિણા ને ગુરુમંત્ર એટલે શું?

ઉત્તર : શિષ્યને ગુરુ તરફથી જે આપવામાં આવે છે તેને ગુરુદીક્ષા કહેવામાં આવે છે. તે દીક્ષાના જુદા જુદા પ્રકારો છે. ગુરુ પોતાના સંકલ્પથી જે દીક્ષા આપે છે તેને સંકલ્પદીક્ષા કહેવામાં આવે છે. ગુરુ સ્પર્શ દ્વારા આશીર્વાદ આપીને જે દીક્ષા આપે છે તેને સ્પર્શદીક્ષાનું નામ આપવામાં આવે છે ને મંત્ર આપીને જે દીક્ષા આપે છે તે મંત્રદીક્ષા કહેવાય છે. ગુરુ દ્રષ્ટિપાતથી પણ દીક્ષા આપે છે. ગુરુદીક્ષામાં ઘણી શક્તિ સમાયેલી છે.

ગુરુને આપવામાં આવતી ભેટને ગુરુદક્ષિણા તરીકે ઓળખવામાં આવે છે. સાચી ગુરુદક્ષિણા શ્રદ્ધાભક્તિથી સંપન્ન થઇને ગુરુના માર્ગદર્શન પ્રમાણે ચાલવામાં રહેલી છે. છતાં પણ સ્થૂળ દક્ષિણાને જ સમાજમાં ગુરુદક્ષિણાનું નામ આપવામાં આવે છે.

ગુરુ દ્વારા આપવામાં આવતા મંત્રને ગુરુમંત્ર કહે છે. ગુરુમંત્રની અંદર ધાર્યા કરતાં ઘણી વધારે શક્તિ હોય છે. એનો આધાર લેવાથી શિષ્યને સાધનામાં મોટી મદદ મળે છે અને એનું શ્રેય સધાય છે. એનો આધાર ખૂબ જ શ્રદ્ધાભક્તિપૂર્વક લઇ લેવો જોઇએ.

(ક્રમશઃ)

આત્મોદ્ધારની આકાંક્ષા

વિનોબા

માણસનો ઊંચામાં ઊંચો કૂદકો કેટલે સુધી પહોંચી શકે છે તે કલ્પનાથી તેમજ વિચારથી આપણે પાંચમા અધ્યાયમાં જોઇ શક્યા. કર્મ, વિકર્મ અને અકર્મ મળીને સર્વ સાધના પૂર્ણ થાય છે. કર્મ સ્થૂળ વસ્તુ છે. જે સ્વધર્મકર્મ આપણે કરીએ તેમાં આપણા મનનો સહકાર હોવો જોઇએ. મનની કેળવણીને માટે જે કર્મ કરવાનું છે તે વિકર્મ, વિશેષ કર્મ અથવા સૂક્ષ્મ કર્મ છે. કર્મ ને વિકર્મ બંને જોઇએ. એ બંનેનો પ્રયોગ કરતાં કરતાં અકર્મની ભૂમિકા તૈયાર થાય છે. પાછલા અધ્યાયમાં આપણે જોયું કે એ ભૂમિકામાં કર્મ અને સંન્યાસ બંને એકરૂપ જ થઇ જાય છે. હવે છઠ્ઠા અધ્યાયની શરૂઆતમાં ફરીથી કહ્યું છે કે કર્મયોગની ભૂમિકા સંન્યાસની ભૂમિકા કરતાં અલગ દેખાતી હોય તો પણ અક્ષરશઃ એકરૂપ છે. ફક્ત દૃષ્ટિમાં ફેર છે. હવે પછીના અધ્યાયનો વિષય પાંચમાં અધ્યાયમાં વર્ણવેલી અવસ્થાનાં સાધનો વિચારવાનો છે.

કેટલાક લોકોના મનમાં એવો ભ્રામક ખ્યાલ ઘર કરી ગયો છે કે પરમાર્થ, ગીતા વગેરે ગ્રંથો કેવળ સાધુઓને માટે છે. એક ગૃહસ્થે મને કહ્યું, 'હું કંઇ સાધુ નથી.' એમના કહેવાનો અર્થ એવો હતો કે સાધુ નામે ઓળખાતાં જે કેટલાંક પ્રાણી છે તેમાંના પોતે નથી. જેવાં ઘોડા, સિંહ, રીંછ, ગાય વગેરે જાનવરો છે તેવાં સાધુ નામનાં પણ જાનવરો છે; અને પરમાર્થની કલ્પના માત્ર તેમને માટે છે. બાકીના બીજા વહેવારમાં રહેનારા તે જાણે

કંઇક જુદા, તેમના વિચાર જુદા, આચાર પણ જુદા! આ ખ્યાલને લીધે સાધુસંતો અને વહેવારુ લોકોને એકબીજાથી અળગા પાડી નાખવામાં આવ્યા છે. ગીતારહસ્યમાં લોકમાન્ય તિલકે આ બાબત પર ખાસ ધ્યાન ખેંચ્યું છે. ગીતા એ ગ્રંથ સર્વસાધારણ વહેવારુ લોકોને માટે છે એ લોકમાન્યની ભૂમિકા હું અક્ષરશઃ ખરી માનું છું. ભગવદ્‌ગીતા તમામ દુનિયાને સારુ છે. પરમાર્થમાં આવતું એકેએક સાધન હરેક વહેવારુ માણસને માટે છે. આપણો વહેવાર શુદ્ધ તેમ જ નિર્મળ થાય અને મનને સમાધાન તેમ જ શાંતિ કઇ પેરે મળે એ વાત પરમાર્થ શીખવે છે. વહેવાર કેમ શુદ્ધ કરવો તે શીખવવાને માટે ગીતા છે. તમે જ્યાં જ્યાં વહેવાર કરો ત્યાં બધે ગીતા આવે છે. પણ તે તમને ત્યાં ને ત્યાં રહેવા દેવા માગતી નથી. તમારો હાથ ઝાલીને તે તમને છેવટને મુકામે પહોંચાડશે. પેલી પ્રસિદ્ધ કહેવત છે ને કે **'પર્વત મહંમદ પાસે આવતો નહીં હોય તો મહંમદ પર્વત પાસે જશે.'** પોતાનો સંદેશો જડ પર્વતને પણ પહોંચે એવી ફિકર મહંમદને છે. પર્વત જડ હોવાથી તેના આવવાની વાટ જોઇને મહંમદ બેસી રહેવા માગતો નથી. એ જ વાત ગીતા ગ્રંથને પણ લાગુ પડે છે. ગરીબ, દૂબળા, અણઘડમાં અણઘડ જે કોઇ હોય તે સૌની પાસે ગીતા પહોંચી જશે. પણ તે જ્યાં હશે ત્યાં ને ત્યાં તેને કાયમ રાખવાને નહીં, તેનો હાથ ઝાલી તેને આગળ લઇ જવાને, ઊંચે ઉઠાવવાને જશે. માણસ પોતાનો વહેવાર શુદ્ધ કરતો કરતો પરમોચ્ચ સ્થિતિએ પહોંચે એટલી જ ગીતાની ઇચ્છા છે; એટલા ખાતર જ ગીતાની હયાતી છે.

એથી હું જડ છું, વહેવારિયો છું, સંસારી જીવ છું એવું એવું

કહીને તમારી આજુબાજુ વાડ ઊભી ન કરશો. મારાથી શું થાય, આ સાડાત્રણ હાથના દેહમાં જ મારું સારસર્વસ્વ છે એમ કહેશો મા. આ બંધનોની દીવાલ અથવા તુરંગ પોતાની આજુબાજુ ઊભી કરીને પશુઓ વર્તે છે તેમ વર્તશો મા. આગળ વધવાની ઊંચે ચડવાની હિંમત રાખો. **'उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत्'** —હું મારી જાતને ખચીત ઊંચે લઈ જનાર છું એવી હિંમત રાખો. હું ક્ષુદ્ર સંસારી જીવ છું એવું કહીને મનની શક્તિને હણો મા. કલ્પનાની પાંખો તોડી નાખશો મા. કલ્પનાને વિશાળ કરો. ચંડોળનું એવું નથી કે? સવારમાં સૂર્યને જોઈને તે કહે છે, હું ઊંચે ઊડીને સૂર્યને પહોંચીશ. આપણું પણ એમ જ હોવું જોઈએ. પોતાની કમજોર પાંખો વડે ચંડોળ ગમે તેટલું ઊંચે ઊડશે તોયે સૂર્યને કેવી રીતે પહોંચશે? પણ કલ્પનાની શક્તિથી સૂર્યને તે જરૂર પહોંચી શકે છે. આપણે સૌ એથી ઊલટી રીતે ચાલીએ છીએ. આપણે જેટલા ઊંચે જઈ શક્યા હોત તેટલુંયે ન જતાં કલ્પનાની, ભાવનાની આડે બંધારો બાંધી દીધો હોવાથી આપણે પંડે થઈને આપણી જાતને નીચી પાડીએ છીએ. આપણામાં રહેલી શક્તિને આપણે હીનભાવને લીધે મારી નાખીએ છીએ. ખુદ કલ્પનાના પગ તોડી નાખો તો નીચે પડવા સિવાય બીજું શું થાય? કલ્પનાનો ઝોક હમેશ ઉપર રહેવો જોઈએ. કલ્પનાની સહાયથી માણસ આગળ જાય છે. તેથી કલ્પનાને સંકોચી ન નાખશો. **'धोपटमार्गा सोडू नको, संसारामधिं ऐसा आपुला उगाच भटकत फिरुं नको'**—ધોરી રસ્તો છોડીશ મા, તું તારે સંસારને જ વળગી રહે અને નાહકનો ભટકી મરીશ મા, એવાં રોદણાં રડ્યા કરશો મા. આત્માનું

અપમાન ન કરશો. સાધકોમાં વિશાળ કલ્પના હશે, આત્મવિશ્વાસ હશે તો જ તે ટકવાના છે. એમ કરવાથી જ ઉદ્ધાર થશે. પણ "ધર્મ કેવળ સંતોને સારું છે, સંતોની પાસે જવાનું તે પણ તમારી ભૂમિકામાં તમે જે રીતે વર્તો છો તે જ બરાબર છે એવું તેમની પાસે પ્રશસ્તિપત્ર લેવા પૂરતું જવાનું." એવા એવા ખ્યાલો છોડી દો. આવા ભેદાત્મક ખ્યાલો રાખી જાતને બાંધી ન લો. ઊંચી આકાંક્ષા રાખ્યા વગર આગળ પગલું કદી ઊપડવાનું નથી.

આ દૃષ્ટિ, આ આકાંક્ષા, આવી મહાન ભાવના હોય તો પછી સાધનો શોધવાની પંચાત જરૂરી થાય. નહીં તો વાત ત્યાંથી જ પૂરી થઈ જાણવી. બહારના કર્મના સાથમાં માનસિક સાધન વિકર્મનું કહ્યું છે. કર્મની મદદમાં વિકર્મ હંમેશ રહેવું જોઈએ. એ બંનેની મદદથી અકર્મની જે દિવ્ય સ્થિતિ પ્રાપ્ત થાય છે તેની અને તેના પ્રકારોની વાત પાંચમા અધ્યાયમાં આપણે જોઈ ગયા. આ છઠ્ઠા અધ્યાયથી વિકર્મના પ્રકારો બતાવવાનું શરૂ થાય છે. માનસિક સાધનાની વાત પણ બતાવી છે. એ માનસિક સાધનાની વાત સમજાવતાં પહેલાં ગીતા કહે છે કે, 'અરે જીવ! તું ઈશ્વર બની શકશે એવી દિવ્ય આકાંક્ષા રાખ. મન મોકળું રાખી પાંખ બરાબર મજબૂત રાખ.' સાધનાના, વિકર્મના જુદા જુદા પ્રકારો છે. ભક્તિયોગ, ધ્યાન, જ્ઞાનવિજ્ઞાન, ગુણવિકાસ, આત્માનાત્મવિવેક વગેરે નાના પ્રકારો છે. છઠ્ઠા અધ્યાયમાં ધ્યાનયોગ નામનો સાધનાનો પ્રકાર વર્ણવ્યો છે.

(ક્રમશઃ)

શરણાનંદજી મહારાજના પ્રેરક જીવન પ્રસંગો

મૂ. લે. નલિન ઉપાધ્યાય

મહારાજશ્રીનો વિગતવાર પરિચય તો સ્વાભાવિક રીતે ઉપલબ્ધ નથી જ, પરંતુ સંક્ષિપ્ત પ્રસંગો જે તેમના જીવન વિશે જાણવામાં આવ્યા છે, તે કાંઈક ઝાંખું રેખાચિત્ર તેમની તેજસ્વી પ્રતિભાને દોરી આપશે.

બાળક શરણાનંદજી ત્રણેક વર્ષના હતા તે સમયે કોઈ રમતો જોગી તેમના ઘરે આવી અલખ જગાવે છે. 'ભિક્ષાન્ન દેહી' યોગીની નજર એકદમ વિશાળ નેત્રવાળા બાળક પર પડતાં થંભી જાય છે, તે તેનું લલાટ નિહાળી રહે છે. માતા ગભરાઇ જાય છે. યોગીને ભિક્ષા આપવા આગળ આવે છે. યોગી કહી ઊઠે છે, 'તેરે લાલ કો હાથ દેખનો ચાહૂં હૂં મૈયા!' મા બાળકની જમણી હથેળી સંકોચાઇને આગળ ધરે છે. જનની બાળકનું ભવિષ્ય જાણવા આતુર છે. યોગીને વંદન કરી ભવિષ્ય પૂછે છે, તો જવાબ મળે છે—'મૈયા, તારો લાલ કાં તો મોટો રાજા થશે, નહીં તો જરૂર થશે સિદ્ધ યોગી. એમાં કોઈ સંશય નથી. વિધિના વિધાનને કોણ ટાળી શકે છે મૈયા?

લાંબા ડગલાં ભરતો યોગી ચાલી નીકળે છે.

બચપણથી જ 'આ શરીર વિશ્વની સેવા માટે છે'નું બીજ તેમનામાં જોવા મળે છે. સારી કેરીઓ મળે છે તો પોતે નથી ખાતા, મિત્રોને ખવડાવે છે. ગામમાં મોટા ભાગના લોકો નિરક્ષર, ગામમાં જ્યારે ટપાલી આવે ત્યારે બાળક શરણાનંદ ટપાલીની પાછળ પાછળ દોડતા જાય. પોતે થોડું વાંચતા—લખતાં જાણે એટલે સમગ્ર ગામના નિરક્ષર લોકોની ટપાલ વાંચીને

સંભળાવે. તેમાં બાળકને બહુ જ આનંદ આવે. બીજાને કામ આવવાની આ લગનનું બીજ આગળ વધતાં જ્યારે તેઓ ત્રિગુણાતીત સંતત્વને પામ્યા ત્યારે વિશ્વે તેમને મૃત્યુવેળાએ, શરીરનાશની વેળાએ પણ તેમને પરમાત્મા પાસે સર્વાત્મભાવથી સર્વનું કલ્યાણ માગતા સાંભળ્યા.

'યોગઃ કર્મસુ કૌશલમ્' લક્ષણ એમના નાનપણના એક પ્રસંગમાં નજરે ચડે છે. એમના જ શબ્દોમાં : 'મને ભણવા જવાનો ખૂબ શોખ. પિતાના ઘરથી થોડે દૂર આવેલ, બીજા ગામમાં હું લાલટેન હાથમાં લઈ અભ્યાસ માટે જતો. લાલટેન હાથમાં લઈ ચાલવાનું ખૂબ ગમે એટલે સ્કૂલમાં જાણીબૂઝીને રમતગમતમાં મોડું કરું અને પછી અંધારું થાય એટલે લાલટેન લઈ ચાલવા માંડું. એક દિવસ ઘેર આવ્યો તો ખબર પડી કે લાલટેનનું ઢાંકણું ખોવાયું હતું. બીજે દિવસે હતો રવિવાર, મને તો ક્યાંય ચેન ન પડે. કેમ થઈ મારાથી આવી ભૂલ? ભૂલની તકલીફ નિવારવા નાનકડું ઢાંકણું શોધવું જ રહ્યું. આખો દિવસ, આખી રાત હું બેચેન રહ્યો. સોમવારની સાંજે નિશાળેથી નીકળ્યો ને આંખો ફાડીફાડીને ખાડા—ટેકરામાં ઢાંકણું શોધ્યા કર્યું. વસ્તુ નાનકડી અને પાછા બે દિવસ ખોવાયાને થઈ ગયેલા. સંભવ છે, કોઈએ ઢાંકણું ઉઠાવી લીધુંયે હોય. મળવાની આશા તો ખૂબ ઓછી હતી, પરંતુ શોધવાની ઈચ્છા પ્રબળ હતી, કારણ કે ભૂલ થયેલી. ચાલતાં ચાલતાં અચાનક ઢાંકણું મળી આવ્યું ને ચિત્ત પ્રસન્ન થયું.'

વિચાર કરો, તેઓ સંપન્ન પરિવારના હતા. ઢાંકણું ખોવું કોઈ મોટી વાત તો ન હતી. તેઓ એકમાત્ર સંતાન હતા. મા—બાપે બે—ચાર લાલટેન લાવી દીધાં હોત, પરંતુ બાળકને દુઃખ હતું કાર્યકુશળતાની કમીનું. આથી જ જ્યારે સંત થયા ત્યારે કહેતાં કે જો તમે પાણીનો એક ગ્લાસ પણ સારી રીતે નહીં

પીવડાવી શકો તો તમારાથી ધ્યાન નહીં સધાય. તેમના પ્રિય મિત્રો જાણતા કે પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં પોતાની વસ્તુઓની તેમની સાચવણી આંખવાળા કરતાંય વિશેષ હતી.

અદ્‌ભૂત મોટી અને તેજસ્વી આંખો ધરાવતા શરણાનંદ નાનપણથી જ આંખો ગુમાવી બેસી અંધ થયા. પછી તો એ વાંસની છડીને ટેકવતા વસતીથી દૂર એકાંતમાં ચાલ્યા જતા અને પોતાનો સમય વિતાવતા. માતા–પિતા ખૂબ દુઃખમાં ડૂબ્યાં. શિયાળાની સાંજે બાળક ઘેર પાછો આવે તો કોઈ વખત શરીર પર પહેરણ ન હોય, તો કોઈ દિવસ વીંટાયેલ શાલ ગાયબ હોય. મા–બાપ બહુ પૂછે તો કોઈ વખત જવાબ મળે, 'કોઈ એકાકી ભિક્ષુકને રસ્તાની પાસે ઠંડીથી થરથરતાં અનુભવ્યો. એને આ વસ્તુઓની જરૂરત મારાથી વિશેષ હતી.

આંખો ગુમાવવાથી અસમર્થ બનેલ બાળક શરણાનંદના બાળ મનમાં પ્રશ્ન ઘુમરાવા લાગ્યો, 'શું કોઈ એવું પણ સુખ હોઈ શકે કે જેમાં દુઃખની સંપૂર્ણ ગેરહાજરી હોય?' કુદરતે જાણે એનો પ્રત્યુત્તર આપ્યો હોય તેમ એના પિતા એક વાતચીત દરમિયાન બોલી રહ્યા હતા, જે તેમણે સાંભળ્યું અને એ સોંસરવું તેમના કોમળ હૃદયમાં ઊતરી ગયું કે 'આવું સુખ તો માત્ર સાધુઓને પ્રાપ્ત થાય છે. જેમાં લેશમાત્ર પણ દુઃખ ન હોય.'

બાળકને થયું, 'આંખો તો ચાલી ગઈ. હવે ભણીગણીને વકીલ બનવું તો શક્ય નથી. બધા દરવાજા મારા માટે બંધ થઈ ગયા, એમાં તો હું કાંઈયે નહીં કરી શકું. પણ કાંઈ વાંધો નહિ, સાધુ તો હું બની જ શકીશ.'

આ જ અસમર્થ બાળકે સાધુ શરણાનંદ બની દુઃખરહિત સુખ પ્રાપ્ત કર્યું અને પ્રાપ્ત થયેલ સર્વાત્મ ભાવથી જગતને એવી સિદ્ધાંત અને સાધન પ્રણાલીઓ શીખવી, જે દ્વારા અસમર્થમાં

અસમર્થ પણ સ્વાધીનતાપૂર્વક સ્વાધીનતાના સામ્રાજ્યમાં પ્રવેશ પામી શકે.

પછી તો બાળકના મનમાં તીવ્ર ધૂન લાગી કે કેમ કરીને જલદી બની જાઉં સાધુ? આંખની જ્યોતિ ચાલી જવાથી ઘર બહાર નીકળવું મુશ્કેલ અને સાધુ થવાની વાતથી મા–બાપ દુઃખી દુઃખી. રાત–દિવસ બાળકના મનમાં કસક ઉઠે, 'કેમ મળું સંતજનોને? ક્યાં જાઉં? મને કોણ લઈ જાય?' રાતદિવસ બેચેની ઘેરી વળે, પણ બાળક અતિ સ્વમાની, એને બીજાના દયાપાત્ર થઈને જીવવું પણ બિલકુલ નાપસંદ.

કુદરતમાં કામનાની પૂર્તિ થાય પણ ખરી અને ન પણ થાય, પરંતુ આર્ત હૃદયનો પોકાર તો સંભળાય જ. એક દિવસ એક સંત એમને ઘેર પધાર્યા. દરવાજા પાસેના તખ્ત પર એમનું આસન લાગ્યું. દુઃખી બાળક તખ્ત પકડીને પાસે જ જમીન પર બેઠેલો. હિતચિંતકોએ સંત પાસે બાળકનું દુઃખ વર્ણવ્યું. સંત બોલી ઉઠ્યા, 'ભૈયા, રામ રામ કહા કરો.' બાળકે જવાબ આપ્યો, 'મેરા રામનામ મેં વિશ્વાસ નહીં હૈ.' સંતે જવાબ આપ્યો, 'કોઈ બાત નહીં, ઈશ્વર કો તો માનતે હો?' બાળકે કહ્યું, 'હા, ઈશ્વર કો માનતા હૂં.' એ પર સંત બોલી ઊઠ્યા, 'અચ્છી બાત હૈ, ઈશ્વર કે શરણાગત હો જાઓ.'

આ વાક્યથી વીજળી પડી, ને સત્યની સ્વીકૃતિ હૃદયમાં થઈ ને યોગી શરણાનંદનો જાણે જન્મ થયો. સંપૂર્ણ જીવન એમણે પરમ સત્યના શરણાગત થઈને વિતાવ્યું ને દુઃખરહિત શાશ્વત સુખ પ્રાપ્ત કર્યું. સત્યની હૃદયપૂર્વકની સ્વીકૃતિ માત્રથી સાધનાની અભિવ્યક્તિ થઈ જાય છે. એમને ન જરૂર પડી જપની, ન ધ્યાનની, ન સ્મરણની.

(ક્રમશઃ)